॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૭ તારીખે સળંગ અંક ૪૬૯, ફેબ્રુઆરી–૨૦૨૫, રૂા. ૫.૦૦/–

**ભુજ મંદિર સંસ્થાપિત, રાપર ગુરુકુળ સંચાલિત શ્રી સ્વામિનારાયણ વૈદિક ગુરુકુલમ્ - ચાંદ્રાણી એવં મહર્ષિ સંદિપનિ વેદ વિદ્યા પ્રતિષ્ઠાનમ્- ઉજ્જૈનના સંયુક્ત ઉપક્રમે આયોજિત ત્રિદિવસીય ક્ષેત્રીય વૈદિક સંમેલનના ઉદ્દઘાટન પ્રસંગે પધારેલ બિહાર રાજ્યના માનનીય રાજ્યપાલ શ્રી મોહમ્મદ આરીફ ખાન સાથે ભુજ મંદિરના મહંત સ્વામી આદી સંતો - ભુજ**









भारत पुरातन है । भारत की संस्कृति भी पुरातन है, लेकिन अन्य संस्कृति में वृद्धावस्था के साथ कमजोरी आती है। वह भारतीय संस्कृति में नहीं है । क्यों नहीं है ? क्योंकि ऐसे विद्यालय और आप जैसे वेदविद्या विद्वान लोग जब तक मौजूद है, तब तक हमारे यहां पुरातन परंपरा कमजोर नहीं होगी, परंपरा वृद्ध नहीं होगी। उसका नवीनीकरण करने में जो लगे हुए हैं, उन सब को हम धन्यवाद देते हैं ।

महामहिम राज्यपाल श्री मोहम्मद आरिफ खानजी ( बिहार राज्य )

**ભુજ મંદિર સંસ્થાપિત રાપર ગુરુકુળ સંચાલિત શ્રી સ્વામિનારાયણ વૈદિક ગુરુકુલમ્ - ચાંદ્રાણીના ખાતમુહૂર્ત એવં શિલાન્યાસ પ્રસંગે પધારેલ માનનીય ગુજરાત રાજ્યના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી સાથે ભુજ મંદિરના મહંત સ્વામી આદી સંતો**







आज प्रसन्नता की बात है । जंगल में मंगल होने का रास्ता आगे बन रहा है । यहां पर वैदिक गुरुकुलम की स्थापना हो रही है । संप्रदाय में गुरुकुल तो बहुत है, लेकिन यह गुरुकुल बाकियों से भिन्न है। इसका उद्देश्य वेदों के विद्वानों एवं भारतीय जीवन मूल्यों के संस्कारवान युवकों को तैयार करना है।

माननीय राज्यपाल श्री आचार्य देवव्रतजी ( गुजरात राज्य )

**શ્રી પૂર્વઆફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિર- નાઇરોબીમાં તા. ૧૯ થી ૨૬ ડિસેંબર ૨૦૨૪ દરમિયાન શ્રી ઘનશ્યામ મહોત્સવ શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિપ્રાણપ્રતિષ્ઠા સાથે ધામધૂમથી ઉજવાયો. પ. પૂ. આચાર્ય મહારાજશ્રી તથા ભુજ મંદિરના મહંત સ્વામી આદી મોટી સંખ્યામાં સંતો અને દેશ- વિદેશના હજારો હરિભક્તોએ લાભ લીધો.**






















॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૮ કુલ અંક-૨૦૪

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૪ અંક-૧૨ ફેબ્રુઆરી-૨૦૨૫
વર્ષ : ૪૦ - સળંગ અંક-૪૬૯

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ,
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીનઃ ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith




ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૪ |
| લેખ | ૫ |
| સત્સંગ સમાચાર-દેશ | ૭ |
| શ્રી ઘનશ્યામ બાળસંદેશ | ૨૫ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે.
  કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.


- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

# તંત્રીની કલમે

જન્મ અને મરણ વચ્ચેનું માનવ જીવન જગતમાં પળાતા વિધવિધ ધર્મો ઉપરાંત ઉપધર્મો, અજ્ઞાન લોકોની વિચાર સરણીઓ પ્રમાણે જીવાતું દેખાય છે. ભણેલ-ગણેલ વિકસીત પશ્ચિમી દેશો યુરોપ અને અમેરિકામાં 'ઈટ ડ્રિંક એન્ડ બી મેરી' તથા 'ઓલ્ડ ઈઝ ગોલ્ડ' વિચાર સરણી પર પરિવર્તિત થયેલું પણ દેખાય છે. ત્યારે સવાલો ઊઠે કે શું માનવ માત્ર ખાઈ-પી ને મોજ કરવા જ જન્મ્યો છે ?

ખાઓ, પીઓ ને મજા કરો વિચાર સરણી સાથે કમાઓ, વાપરો ને કાલની ચિંતા છોડો. આ વિચાર સરણી ધનવાન દેશોની ને બેફિકરી લાગે છે. કેમ કે એમાં અહંમની કેન્દ્રિયતા રહેલી છે. બીજાનું જે થવાનું હોય તે થાય.... ઓલ્ડ ઈઝ ગોલ્ડ જુનું એ બધું સોનું, જે સતત પરિવર્તીત થતા રહેલા બ્રહ્માંડમાં યોગ્યપણે ગોઠવાતી નથી.

★ જુની વિચારશ્રેણીમાં નવિનતા આવે જ.

★ જુના ગામડાં, શહેરો ને દેશો આજે તો ક્યાંય બદલાઈ ગયા છે. ભારતભરમાં વિદ્વાનોની વિચાર સરણી પ્રમાણે પીળું બધું જ સોનું નથી હોતું. તે પિત્તળ પણ નીકળે.

ઘરમાં રહેતા સૌના પ્રિય દાદા-દાદી, પરદાદા-પરદાદી પણ એજ સંદેશ કુટુંબીઓને આપતા જાય છે કે, બસ હવે આપણા સૌના કર્મ, વિકર્મ, કુકર્મ અને સત્‌કર્મ પુરા થઈ રહ્યા છે. મને સપ્રેમ વિદાય આપો. આ ફિલસુફી તત્ત્વજ્ઞાન માનવમાં આપો આપ નથી આવતું એના માટે ધર્મ પર પૂર્ણ શ્રદ્ધા, વિશ્વાસ અને શ્રીહરિભક્તની એકાંતિક વૃત્તિ સ્થિત ને ભક્તિ જ અંતિમ વિદાય ટાણે ફળે છે. લોકોમાં ચાલતી ચર્ચા પ્રમાણે શ્રીસ્વામિનારાયણ સંપ્રદાય આ અંતિમ દિશામાં જ હરિભક્તને લઈ જાય છે.


પ્રત્યેક જન્મેલા બાળક, યુવાન ને વૃદ્ધ વચ્ચે આસમાન-જમીનનું અંતર હોય છે તેથી યથા સ્થિતિ તથા મતિ પ્રમાણે જ જીવાય. 'વડલો કહે છે મારી વડવાઈઓ સળગી મેલી દીઓને જુના માળા રે...હો..હો..જી..' આ વડલો પૃથ્વી પરના તમામ જંગલોના ઝાડ માં સૌ પ્રથમ પ્રગટ થયેલ છે. ઈશ્વર કૃપાએ તેમાં ઘટાટોપ વડલામાં અનેક પક્ષીઓ ને જીવજંતુઓના માળા ને રહેણાંકો છે. તેથી જુનો વડલો પોતે જર્જરિત થઈને પડી જાય તે પહેલાં તેના આધારે સૌ જીવોને સંદેશ આપે છે કે હું પડું તે પહેલાં તમે સૌ મને તન-મન ને સંપર્ક કે કર્મથી છોડી દો.

## શિક્ષાપત્રી શ્લોક - ૮૮

- હિંમતભાઈ ઠક્કર 'રઘુવંશી'
ભુજ

**"જન્માશૌચં મૃતાશૌચં સ્વસમ્બન્ધાનુસારતઃ ।
પાલનીયં યથાશાસ્ત્રં ચાતુર્વર્ણ્યજનૈર્મમ ॥"**

અર્થ - મારા આશ્રિત ચારે વર્ણવાળા જનો હોય જેમણે જન્મનું સૂતક તથા મરણનું સૂતક પોતપોતાના સંબંધને અનુસારે અને શાસ્ત્રને અનુસારે પાલન કરવું.



ભાષ્યકાર શ્રીશતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે, તમામ ધર્મ શાસ્ત્રાોની અંદર ઋષિમુનિઓ દ્વારા જન્મના સૂતકની તથા મરણના સૂતકની વ્યાવસ્થા કરવામાં આવી છે. સૂતકની વ્યવસ્થા લોહીના સંબંધો પર આધારિત છે. જેમ આકાશમાંથી છોડાયેલા શબ્દ તરંગો તથા ચિત્ર તરંગો તરંગિત થતાં થતાં સમગ્ર યંત્રોમાં ફેલાયેલા પ્રત્યક્ષ જોવામાં આવે છે, તેમ અમુક પેઢી સુધી લોહીના સંબંધો પુરેપુરા ફેલાયેલા રહે છે, તેથી એક વ્યક્તિનું મૃત્યુ થતાં એ મૃત્યુનો પ્રભાવ સમાન લોહીથી ઉત્પન્ન થયેલા સમીપના સંબંધીઓ પર સૂક્ષ્મરૂપે અવશ્ય પડે છે. એજ કારણથી ઋષિમુનિઓએ વિષ્લેષણ કરીને નિશ્ચય કરેલો હોય એમ જણાય છે, અને ત્યારપછી અનુક્રમે એ લોહીનો સંબંધ પણ ક્ષીણ થતો જાય છે. તેને અનુસારે જન્મના સૂતકને વિશે કે મરણના સૂતકને વિશે ઋષિમુનિઓએ ન્યુનાધિક સૂતક પાળવાની વ્યવસ્થા કરેલી હોય એમ આપણે કેવળ કલ્પના જ કરી શકીએ છીએ. જો આ વાતો પર વિશ્વાસ રાખીએ તો આપણા માટે સુખરૂપ જ છે.

**"સંબંધ ને સૂતકનો છે, ગાઢ ઊંડો વિશ્વનીય સંબંધ. સંબંધી જન્માંતરે ઉપડે ને પાછળ રહેલા સૂતકે સ્નાન કરે."**

માતા-પિતાનું મરણ થયા પછી ભલે ને એક વર્ષ પછી ખબર પડે, તો પણ પુત્રને પૂરું દશ દિવસનું સૂતક પાલન કરવું. અને પતિ-પત્નિને પણ એક વર્ષ પછી ભલે મરણની ખબર પડે, તો પણ પતિ-પત્નિએ પરસ્પર પૂર્ણ દશ દિવસનું સૂતક પાલન કરવું.

**"આ તો સતયુગી દર્શન છે, કલીયુગમાં મા-બાપ વિદાય, વૃદ્ધાશ્રમમાંથી કરાવનારા, કુપુત્રોની આજે વણજાર છે."**

સૂતકોની સંબંધો પ્રમાણે વિવિધતાઓ પણ છે જ. એ તો મનુષ્યને કોઈપણ પ્રકારનો આપાત્કાળ ન હોય, બરાબર સ્વસ્થ દશામાં રહેલા હોય, તેને માટે આ બધી વ્યવસ્થા કરવામાં આવેલી છે. આપાત્કાલના ધર્મો જૂદા હોય છે, અને સ્વસ્થકાળના પણ જૂદા હોય છે. તેથી જ્યારે આપાત્કાળ આવી પડેલો હોય, ત્યારે સૂતકને વિશે પણ સૂતક લાગતો હોતો નથી. કેવળ સ્નાનમાત્રથી શુદ્ધ થઈ જાય છે. આ ૮૮ માં શ્લોકમાં જિજ્ઞાશુએ વધુ ઊંડા ઉતરવા અવશ્ય શિક્ષાપત્રી વાંચવી.

## ભુજ મંદિરના સદ્‌ગુરુ સ્વામી પ્રભુચરણદાસજીનો અક્ષરવાસ



અ.નિ. સ.ગુ. સ્વામી પ્રભુચરણદાસજીનું જન્મ સ્થળ નખત્રાણા તાલુકાના સુખપર-રોહા ગામ કચ્છ ચોવિસી લેવા પટેલનું આથમણી બાજુમાં છેવાડાનું ગામ હોવાથી આથમણું સુખપર તરીકે ઓળખાય છે. તો આ સુખપર-રોહા ગામમાં લેવા પટેલ કણબી જ્ઞાતિમાં પવિત્ર પરિવારમાં જન્મ થયો. પિતાનું નામ ગાંગજીભાઈ કેસરાભાઈ હિરાણી અને માતાનું નામ પ્રેમબાઈ હતું.

ગાંગજીબાપાના ત્રણ દિકરા હતા. મોટા કરસનભાઇ, નાના હરજીભાઇ અને વચેટ કાનજીભાઇ. આ કાનજીભાઇને સંત સમાગમ અને સત્સંગમાં વિશેષ રૂચિ હોવાથી ૧૬ વર્ષની નાની ઉંમરે હૃદયમાં વૈરાગ્યના અંકુરો ફૂટ્યા, મનમાં સંસાર અસાર થવા લાગ્યો એટલે ભુજ મંદિરમાં આવીનો પૂ.મહંત સ્વામી બાલકૃષ્ણદાસજીની પાસે આવીને વાત કરી કે મારે સંસારમાં રૂચિ નથી માટે મારે સાધુ થવું છે. ત્યારે પૂજ્ય સ્વામીએ કાનજી ભગતની આવી તીવ્ર ઈચ્છા જોઇને સંમતિ આપીને કહ્યું કે માતાપિતાની રજા લઇ આવો. ત્યારે કાનજી ભગત તીવ્ર વૈરાગ્યને કારણે સીધા ઘેર જઇ માતાપિતાની પાસે પોતાની ઈચ્છા વ્યક્ત કરી. ત્યારે માતાપિતાએ પણ રાજી થઈને રજા આપી. એટલે તરત જ ભુજમાં મંદિરમાં આવીને સફેદ કપડાંમાં રહીને મંદિર અને સંતોની સેવામાં જોડાઇ ગયા આવી રીતે એક વર્ષના અંતે માતાપિતાની રજા મેળવીને પૂ.મહંત સ્વામીએ સંત દીક્ષા આપવાનું નક્કી કરીને પ.પૂ.ધ.ધુ.આચાર્ય શ્રીદેવેન્દ્રપ્રસાદજી પાસો વિ.સં.૨૦૦૫ મહા સુદ-૪ ના દિવસે સંત દીક્ષા ગ્રહણ કરીને સ્વામી પ્રભુચરણદાસજી નામ ધારણ કરીને સદ્‌ગુરુ સ્વામી કૃષ્ણકેશવદાસજીના શિષ્ય તરીકે સેવામાં રહ્યા.

પૂજય સ્વામી પોતાના જીવનમાં સાધુતાના બધા જ ગુણો આત્મસાત કરેલા હતા પૂ.સ્વામીએ પોતાના જીવન દરમિયાન ક્યારેય પણ ક્રોધને નજીક આવવા દીધો નથી. ક્યારેય પણ કોઈની સાથે ઉંચા અવાજે વાત પણ કરી નથી અને બહુજ દયાળુ હૃદયના હતા. કોઈપણ જરૂરિયાતમંદ વ્યક્તિ દેખાય તો તરત જ એની મદદ કરતા. કોઈ ગરીબ પરિવાર હોય અને દિકરાને વિદ્યાભ્યાસ કરાવવા માટે જો રૂપિયાની સગવડ ન હોય ને એનો અભ્યાસ બગડતો હોય તો સ્વામી પોતે બીજા પૈસાદાર હરિભગતને પ્રેરણા કરીને ગરીબ પરિવારના દિકારાને ભણતરમાં મદદ કરતા. આવી રીતે ઘણા બધા વિદ્યાર્થીઓને સ્વામીએ ભણાવ્યા છે. ઉદાહરણ તરીકે ગામ સામત્રના દેવજીભાઇ વરસાણી ખૂબજ ગરીબ પરિસ્થિતિ માંડ માંડ પરિવારનું પોષણ થાય તેનો દીકરો રામજી એને ભણવું હતું પણ ઘરની પરિસ્થિતિ સાવ નબળી એટલે ભણી શકાય એમ નહોતું પણ રામજીભાઇ જ્યારે પૂ.સ્વામીના યોગમાં આવ્યાને સ્વામને વાત કરી કે મારે ભણવું છે પણ ઘરની પરિસ્થિતિ બહુજ નબળી છે, તેથી ભણાય એમ નથી. ત્યારે રામજીની આવી વાત સાંભળીને પૂ.સ્વામીનું હૃદય તરત જ દ્રવી ગયું. પૂ.સ્વામી કહે રામજી તું ચિંતા કરીશ નહીં. હું તને ભણાવીશ.

પાછી ભુજ મંદિર સંચાલિત શ્રીસ્વામિનારાયણ બોર્ડીંગમાં પૂ.સ્વામીએ રામજીનું એડમીશન કરાવીને ભણવાના તમામ ખર્ચની વ્યવસ્થા પૂ.સ્વામી પોતે કરાવતા. આમ કરતા બારમું પાસ કર્યા પછી ઉચ્ચ અભ્યાસ માટે લાલન કોલેજમાં જવાનો સમય આવ્યો ત્યારે દેવજીભાઇએ કહ્યું કે હવે આટલું ભણતર ઘણું હવે તું કામ કર અને મને મદદ કર પણ રામજી ભણવામાં હોંશિયાર હોવાથી એનું મન ન માન્યું આગળ ભણવું છે પણ કરવું શું બાપુજી ના પાડે છે. પછી વિચાર કરતા યાદ આવ્યું કે બાપુજી બીજાની વાત માનશે એટલે ભુજ મંદિરમાં આવીને સ્વામીને વાત કરી કે આગળ ભણવું છે પણ બાપુજી ના પાડે છે. ત્યારે સ્વામીને થયું કે ભણતર હશે તો આગળ કામ આવશે એમ વિચારીને દેવજીભાઇને ભુજ મંદિરમાં બોલાવીને કીધું કે બે-ત્રણ વર્ષ ભેગા ભેગ સુખ-દુઃખે નભાવી લ્યો પણ રામજીને ભણાવો. ખર્ચાની વ્યવસ્થા હું પોતે કરીશ પણ રામજીને ભણાવો. ત્યારે દેવજીભાઇ સ્વામીની વાત ટાળી ન શક્યા ને રાજી થઈને રજા આપી. પછી તો રામજીએ કોલેજ પુરી કરી ત્યારે પૂ.સ્વામીએ કહ્યું કે દેવજીભાઇ રામજીને વિદેશ જવાનો યોગ છે અને વિદેશમાં ખૂબ કમાશે માટે વિદેશ જવા દ્યો. આમ પૂ.સ્વામીના વચને રામજીભાઇ વિદેશ કેન્યા નાઇરોબી ગયા ત્યાં ખૂબ કમાયા મોટા બિજનેશમેનમાં રામજીભાઇનું નામ છે.

આવી રીતે પૂ.સ્વામીની મદદ અને આશીર્વાદથી રામજીભાઇ ખૂબ કમાણાં અને સમાજ અને સત્સંગની ખૂબજ મોટી સેવા કરી રહ્યા છે. આજ દિવસ સુધી રામજીભાઇએ સ્વામીની વાત કયારેય પણ ટાળી નથી. આવી રીતે સ્વામીનો ખૂબજ દયાળુ સ્વભાવ હતો અને ઘણા બધા જરુરિયાતમંદ લોકોની મદદ સ્વામીએ કરી છે. બીજું સ્વામીને ખાસ કરીને કીર્તન ભક્તિમાં બહુજ રૂચિ હતી. ભુજ મંદિરમાં સંગીત સાથે

કીર્તન ગાવવાની શરૂઆત પૂ.સ્વામીએ કરી. પૂ.સ્વામી પોતે હાર્મોનિયમ સાથે રાખતા, સત્સંગ વિચરણ માટે ગામડે જાય ત્યારે પણ હાર્મોનિયમ સાથે રાખતા અને જ્યારે નવરાશ મળે એટલે હાર્મોનિયમ લઈને ઠાકોરજી આગળ કીર્તન ગાવા બેસી જાય. પૂ.સ્વામી કથાવાર્તાના પણ એટલા જ આગ્રહી હતા. ગમે તેવી શારીરિક તકલીફ હોય તો પણ કથામાં અચૂક હાજરી આપતા. કથા વગર સ્વામીને ચાલતું નહીં. સ્વામી ક્યારેય પણ વ્યર્થ સમય જવા દેતા નહીં. તેમજ દરરોજ પૂ.સ્વામી રાત્રે દોઢ થી બે વાગ્યે જાગી જતા અને પ્રદક્ષિણા, માળા, મંત્રજાપ કરવા, કીર્તન કે પ્રભાતિયાં બોલવામાં સમય વ્યતિત કરતા. આવી રીતે પોતાના નિત્યનિયમમાં પણ સ્વામી ક્યારેય ચૂક આવવા દેતા નહીં. આવી રીતે પૂ.સ્વામી નિષ્કલંક પોતાનું જીવન વ્યતિત કરીને ૯૩ વર્ષની ઉંમરે ટૂંકી માંદગી સ્વીકારીને શ્રીજીમહારાજનું સ્મરણ કરતા કરતા ધામમાં સિધાવ્યા. પૂ.સ્વામીના બે શિષ્ય હતા. ૧-પુરાણી સ્વામી નંદકિશોરદાસજી, ૨-શાસ્ત્રી સ્વામી ઘનશ્યામનંદનદાસજી. છેલ્લે બિમારીમાં સ્વામી નંદકિશોરદાસજીએ સ્વામીની ખૂબજ સેવા કરીને સ્વામીનો રાજીપો મેળવ્યો. તેમજ સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી, સ્વામી ઘનશ્યામદાસજી તથા સ્વામી નીલકંઠમુનિદાસજી આદિ મંડળના સંતોએ પણ સ્વામીની ખૂબ સેવા કરી. તથા ગામ સુખપરના પ્રેમજીભાઈ વેલજી હાલાઈએ પણ પૂ.સ્વામીની અનુવૃત્તિ સાચવીને ખૂબ જ સેવા કરીને રાજીપો મેળવ્યો. આવી રીતે પૂ.સ્વામી ૭૬ વર્ષ સુધી સત્સંગની સેવા કરી ઠાકોરજી તથા મોટા સંતોનો રાજીપો મેળવીને વિ.સં.૨૦૮૧ ના પોષ સુદી-૧૧, તા.૧૨/૧/૨૦૨૫ ના દિવસે સવારે ૮-૧૫ કલાકે ૯૩ વર્ષની ઉંમરે ભૌતિક શરીરનો ત્યાગ કરીને શ્રીજીમહારાજની મૂર્તિના સુખે સુખિયા થયા. પૂ.સ્વામીના જવાથી ભુજ મંદિર તથા મંડળમાં પણ બહુ જ મોટી ખોટ પડી પણ શ્રીજીમહારાજને ગમ્યું તો ખરું. અસ્તુ જય શ્રીસ્વામિનારાયણ.

અ - પૂ.સ્વામી ધર્મચરણદાસજી

# સત્સંગ સમાચાર - દેશ

## ભુજ શ્રીસ્વામિનારાયણ પ્રસાદી મંદિરમાં શ્રીઘનશ્યામ મહારાજ આદિ દેવોના ૧૫ માં વાર્ષિક પાટોત્સવ ઉપક્રમે ભુજ મંદિર દ્વારા સંસ્થાપિત રાપર ગુરુકુળ સંચાલિત શ્રીસ્વામિનારાયણ વૈદિક ગુરુકુલમ્-ચાંદ્રાણી એવં મહર્ષિ સાંદિપનિ રાષ્ટ્રીય વેદ વિદ્યા પ્રતિષ્ઠાનમ્-ઉજ્જૈનના સંયુક્ત ઉપક્રમે પ્રસાદી મંદિરે ત્રિ-દિવસીય ક્ષેત્રીય વૈદિક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું.



તા.૧૭-૧૮-૧૯ જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન ત્રણ દિવસનું આ આયોજન ભવ્ય અને દિવ્ય હતું. છેલ્લા બે મહિનાથી આની તૈયારી ચાલતી હતી. ચાર વેદ અને તેની ૧૦ શાખાઓની પારાયણ માટે પર્ણકુટીઓ બનાવવામાં આવી હતી.

આ પારાયણ માટે ૧૧૦થી વધારે ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, તામિલનાડુ અને નેપાળના વેદના વિદ્વાનો પંડિતો પધાર્યા હતા.

ઉજ્જૈન સ્થિત સાંદિપનિ રાષ્ટ્રીય વેદ વિદ્યા પ્રતિષ્ઠાનના સચિવશ્રી વિરુપાશ્રીજી અને સર્વે ગણ્યમાન્ય અધિકારીશ્રીઓ પણ આ કાર્યક્રમ માટે પધાર્યા હતા અને ત્રણ દિવસ રોકાયા હતા.

તા.૧૭ ના મંગલ પ્રભાતે વેદની પોથીયાત્રા ઠાકોરજીના શ્રીસાનિધ્યમાં વેદના શાખા શાસ્ત્રોનું પ્રસાદી મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી વિગેરે સંતો ઉજ્જૈનથી પધારેલા સચિવશ્રી, ભૂદેવો અને યજમાનોના સાથે વેદ ગ્રંથનું પૂજન કરવામાં આવ્યું હતું.



વેદ મંત્રોના ઉચ્ચારણ સાથે આ પોથીયાત્રા વેદ મંડપમાં આવી પહોંચતા સિંહાસન પીઠ પર વેદ પધરાવી દરેક કુટીરોમાં વેદ પુરુષ ભૂદેવો બેસીને પાઠ કરવા લાગ્યા. વેદ અને ગાય એ સાથે હોય તો આ સાથે સુરભીયાગની પણ શરૂઆત થઈ. પારાયણ કરતા વૈદિકોનું પ્રસાદી મંદિરના મહંત સ્વામી આદિ સંતો તથા યજમાનશ્રીઓએ પૂજન કર્યું હતું.

આજે ઉદ્‌ઘાટનનો મંગલ અવસર હોતા બિહાર રાજ્યના માનનીય રાજ્યપાલશ્રી મોહમ્મદ આરિફ ખાન ખાસ આ મંગલ કાર્યક્રમ માટે પટનાથી પધારેલ હતા. સવારે ૯-૩૦ કલાકે રાજ્યપાલશ્રી પ્રસાદી મંદિરે પધાર્યા ત્યારે પૂજ્ય મહંત પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીએ સ્વાગત વડે તેમને આવકાર્યા હતા. ઠાકોરજીના દર્શન કર્યા અને મંદિરનો પરિચય મેળવ્યો હતો.

માનનીય રાજ્યપાલશ્રી મોટા મંદિરે પધાર્યા ત્યારે સ્વામી રામપ્રિયદાસજી, સ્વામી આનંદમુનિદાસજી, કોઠારી પાર્ષદ ખીમજી ભગત, જાદવજીભાઈ ગોરસીયા સાથે રહીને સમગ્ર મંદિરના દેવના દર્શન કરાવ્યાં હતાં અને ત્યાંથી સંત નિવાસનાં દર્શન કરી કોઠારમાં પધાર્યા હતા. પૂજ્ય મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી સાથે રૂબરૂ મુલાકાત થઈ ત્યાંથી બંને મહાનુભાવો શ્રીનરનારાયણદેવ સભામંડપમાં પધાર્યા. મંચ ઉપર મહંત સ્વામી, રાજ્યપાલશ્રી, વડીલ સંતો સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજી, પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી, શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, કોઠારી પાર્ષદ ખીમજી ભગત, ભુજ મંદિરના કોઠારી મુરજીભાઈ શીયાણી, કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડા તેમજ ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ વિગેરે મંચ પર પોતપોતાનું સ્થાન લીધું હતું.



રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમની શુભ શરૂઆત થઈ સાથે દીપ પ્રાગટ્ય થયું. સાંદિપનિ રાષ્ટ્રીય વેદ વિદ્યા પ્રતિષ્ઠાનના સચિવશ્રી વિરુપાક્ષીજીએ પોતાનું મંગલ ઉદ્‌બોધન આપ્યું



અને વેદની રક્ષા એ રાષ્ટ્ર રક્ષા છે આવો મંત્ર આપ્યા બાદ બિહારના માનનીય રાજ્યપાલશ્રીએ વેદ પારાયણમાં ભાગ લેવા બદલ ખૂબ ખુશી વ્યક્ત કરી. વેદની રક્ષા દેશની રક્ષા વેદની રક્ષા સંસ્કૃતિની રક્ષા જેવા સૂત્ર સાથે વેદ પારાયણ અને આ પ્રસંગને વખાણ્યો. વેદ અને ગીતા ઉપનિષદ્‌ના વિવિધ વાક્યો દ્વારા સનાતન ધર્મના મૂળની વાતો ઉપર ભાર મૂકી વેદને વળગી રહેવા ભલામણ કરી હતી.

પૂજ્ય ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ વિશાળ સભામંડપમાં ઉપસ્થિત પ્રેક્ષકોને આશીર્વાદ આપતા માનનીય રાજ્યપાલશ્રી, અન્ય મહાનુભાવોને આવકારવાની સાથે ભુજ મંદિરના સંકલ્પ શ્રીસ્વામિનારાયણ વૈદિક ગુરુકુલમ્‌ના અનુસંધાને આ આયોજન છે તો એ સંકલ્પ પણ જલ્દી સાકાર થશે.

સુખપુર સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થીઓ તથા શિક્ષકો પણ આ સત્રમાં સહભાગી થયા હતા. આભારવિધિ શા. સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજીએ કરી લીધા બાદ રાષ્ટ્રગાન સાથે આ ઉદ્‌ઘાટન સત્રને પૂર્ણ કરવામાં આવ્યું હતું.

બાપોરપછીના સત્રમાં સચિવશ્રી વિરૂપાક્ષીજી, વિદ્વાન સદાનંદ ત્રિપાઠીજીએ રમેશભાઈ ઓઝા તથા શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી આદિ પ્રવક્તાશ્રીઓએ પોતાના વિચારો રજૂ કર્યા હતા અને વેદનું રક્ષણ એજ ભારતને વિશ્વગુરુનું સ્થાન અપાવશે.

તા.૧૮, વેદ પારાયણનો બીજો દિવસ મંગલ પ્રભાતે વૈદિકોનું સંતો તથા યજમાનો દ્વારા પૂજન કરાયું હતું. સસ્વરવેદ અને તેની દશ શાખાઓના પાઠ થયા ઠાકોરજીના શ્રીચરણોમાં ચાર વિદ્વાવાનોએ ઘન પાઠ કર્યા.

બપોરપછી વેદની શોભાયાત્રા કરવામાં આવી હતી. વિશિષ્ટ વાહન ઉપર ચાર વેદ અને ઠાકોરજી અને સંતો તેમજ બીજા વાહન ઉપર વેદમંત્રોના ઉદ્‌ઘોષ કરતા વૈદિકો વિરાજ્યા હતા. વેદ શોભાયાત્રા ભીડ નાકુ, છઠ્ઠીબારી રીંગરોડ, જિલ્લા પંચાયત, મહાદેવ નાકા, ઉપલીપાળ રોડ થઈને પ્રસાદી મંદિરે વિરામ લીધો હતો. દરેક વૈદિકોને મસ્તકે સાફા બંધાવવામાં આવ્યા હતા.





આ શોભાયાત્રામાં એક ડ્રેસમાં મદનપુરના બાળમંડળના બાળકોની મંડળી સૌનું ધ્યાન ખેંચતી હતી તો સામખિયાળી સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થી વેદના સૂત્રોવાળા બેનર લઈને ચાલતા હતા સાથે માધાપર તેમજ બળદિયા નીચલાવાસની મંડળીઓ પણ જોડાઈ હતી. માર્ગમાં ઠેર ઠેર લોકો પુષ્પવૃષ્ટિ કરીને આ વેદ શોભાયાત્રાને વધાવી હતી.

આજના વિશિષ્ટ વ્યાખ્યાનમાં વક્તાશ્રીએ વેદ ઉપર પોતાનો શોધબંધ રજૂ કર્યો હતો તો કચ્છ યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડૉ.કાંતિભાઈ ગોરે પોતાનું ચિંતન રજૂ કર્યું હતું. ડૉ.સ્વામી સત્યપ્રસાદદાસજીએ મનનીય વક્તવ્ય આપ્યું હતું.

રાત્રી કાર્યક્રમમાં વિદ્યાર્થી સંતોએ

અષ્ટકગાન કરેલ હતું. વ્યવસ્થા સ્વામી તીર્થમુનિદાસજીએ સંભાળી હતી.બન્ની વિસ્તારના કચ્છી પારંપારિક ભીરંડિયારાના ભાઈઓ કચ્છી લોક સંગીત અને ઓઠિંગો રાસ ધ્રંગ-લોડાઈના યુવાનો પ્રસ્તુત કર્યો હતો. રાત્રીય સાંસ્કૃતિક કાર્યક્રમની તૈયારી સ્વામી તીર્થમુનિદાસજી તથા અંકિત કુકડીયાએ સંભાળી હતી.

તા.૧૯ આજે ત્રીજો દિવસ સમાપ્તિનો દિવસ હોવાથી મંગલમય પ્રભાતે સર્વે વૈદિકો એકત્રિત થઈને વેદના ધ્વનિનો ગુંજારવ મંત્રોચ્ચાર કરી રહ્યા હતા એ સમય દરમિયાન પૂજ્ય મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી પ્રસાદી મંદિરે પધાર્યા ત્યાં કોઠારી શાસ્ત્રી સ્વામી







અક્ષરપ્રિયદાસજીએ સ્વામીનો આવકાર કર્યો ત્યાંથી વેદશાળામાં પધાર્યા. સર્વે વૈદિકો પૂજ્ય મહંત સ્વામીજીનું વેદના મંત્રો ઉચ્ચારણ સાથે મંગલ અભિવાદન કર્યું. પૂજ્ય સ્વામીજીએ વેદની દરેક શાખાઓની કુટિરોમાં જઈને વૈદિક ભૂદેવોનું પૂજન કર્યું.

સ્વામીની પાવન નિશ્રામાં સર્વે વૈદિકોની સામુહિક તસવીર પણ લેવાઈ હતી. સ્વામીજીએ સૌને અનેક પ્રકારે ખૂબ મહેનત કરીને વેદો સસ્વર કંઠસ્થ રાખીને વેદના જ્ઞાનને જાગૃત જીવંત ગતિમય રાખ્યું તેવા અભિવાદન સાથે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

સાંદિપનિ મહર્ષિ વેદ વિદ્યા પ્રતિષ્ઠાન સચિવશ્રી ને તથા સર્વે અધિકારીઓને પુષ્પમાળા પહેરાવી અંતરનો રાજીપો વરસાવ્યો હતો. કાર્યક્રમના દાતાશ્રીઓને પણ પુષ્પમાળા પહેરાવી આશીર્વાદ પાઠવ્યા હતા.

વેદ મંડપનું દિવ્ય ભવ્ય મહાન આયોજન નિહાળીને પ્રસાદી મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી



સ્વામી બાલકૃષ્ણદાસજી સહિત સમગ્ર મંડળ ઉપર તથા કાર્યકર્તાઓ ઉપર ખૂબ ખૂબ રાજીપો વ્યક્ત કર્યો હતો. વેદ પારાયણ વેદ ગુંજનના મંગલ વાતાવરણમાં વ્યક્તિ વિશેષશ્રી સૌરભ નોટિયાલ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. આજે નડિયાદ બ્રહ્મર્ષિ પાઠશાળાના આચાર્યશ્રી અમૃતલાલ ભોગાયતા તથા ડો. કૃષ્ણપ્રસાદ નિરોલા વેદ ઉપર પોતાનો વિષય રજૂ કર્યો હતો. ડો. સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજીએ આભાર વ્યક્ત કર્યો હતો.

આ કાર્યક્રમની જવાબદારી જેને હાથે હતી એવા શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજીએ આજની આ વિશાળ સભામાં વિદ્વાનો વૈદિકો અધિકારીઓની ઉપસ્થિતિમાં ચાંદ્રાણી શ્રીસ્વામિનારાયણ વૈદિક ગુરુકુલમ્‌નો ચિતાર રજૂ કરીને વિગતવાર સ્પષ્ટતા રજૂ કરી હતી. આજે મધ્યાહ્ને વેદ ધ્વનિ ઉચ્ચારણ સાથે સુરભી યાગ તથા સ્વાહાકાર યજ્ઞની મહા પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

બપોરપછીના સમાપન સત્રમાં વિશેષ ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય સંસ્કૃત વેદ વિદ્યા પ્રતિષ્ઠાનામના સચિવશ્રી વિરુપાક્ષ જડીપાલે અને ઉપપ્રમુખે હૃદયરંજન શર્મા ઓનલાઈન ઉપસ્થિત રહ્યા હતા.

આજની વિશેષ ઉપસ્થિતિમાં ભુજ મંદિરના ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી અને દેશના રક્ષકો બી.એસ.એફ. બોર્ડર વિંગના કમાન્ડો, ઓફિસરો અને જવાનો ઉપસ્થિત રહ્યા હતા. કચ્છમાં



પહેલી વખત થતાં આ મહાન કાર્યક્રમ જોઈને ઉપમહંત સ્વામીએ સૌને અંતરના રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. તથા ભુજ મંદિર દ્વારા સંસ્થાપિત શ્રીસ્વામિનારાયણ વૈદિક ગુરુકુલમ્‌ના માધ્યમથી એ વેદોની રક્ષા થશે એવો ભાવ વ્યક્ત કર્યો હતો.

પ્રસાદી મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીએ સૌને મહેનત સાથે દિવ્યભાવને જાગૃત રાખ્યો છે તે બદલ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. બી.વી.રામપ્રિયજીએ આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો.સ્વામી અક્ષરમુનિદાસજી તથા વિદ્વાન દેવાંગ શાસ્ત્રીજીએ સંભાળ્યું હતું.

અંતે સૈનિકો, સંતો, વૈદિકો, વેદ રક્ષકોની ઉપસ્થિતિમાં રાષ્ટ્રગાન કરીને આ કાર્યક્રમને સમાપ્ત કરવામાં આવ્યો હતો.

વેદ પારાયણ બેઠક, પહેરામણી તથા યજ્ઞશાળાનું કાર્ય સ્વામી રામપ્રિયદાસજી, સ્વામી આનંદમુનિદાસજી, સ્વામી નૌતમમુનિદાસજી તથા પાર્ષદ નારાણ ભગતે સંભાળી હતી. ભોજન વ્યવસ્થા સ્વામી સુવ્રતમુનિદાસજી તથા સ્વામી



ઈશ્વરપ્રિયદાસજીએ સંભાળી હતી. યાતાયાત વ્યવસ્થા સ્વામી રામાનુજદાસજી તથા સ્વામી મુકુંદમુનિદાસજીએ સંભાળી હતી. પત્રિકા અને અન્ય વૈદિકોનું સંપૂર્ણ કાર્ય ડો. સ્વામી અક્ષરમુનિદાસજી, સ્વામી ઈશ્વરપ્રિયદાસજીએ સંભાળ્યું હતું. જલપાન વ્યવસ્થા સ્વામી મહામુનિદાસજી તથા સ્વામી ચૈતન્યમુનિદાસજીએ સંભાળી હતી. વેદ વિદ્યા પ્રતિષ્ઠાનમ્ સાથે મળી વૈદિક સંમેલનની તૈયારી કરવામાં શાસ્ત્રી અજય વ્યાસ તથા સ્વામી અક્ષરપ્રિયદાસજીએ સંભાળ્યું હતું.

અ. ડો. સ્વામી લક્ષ્મણપ્રકાસદાસજી

પ્રસાદી મંદિરે શ્રી ઘનશ્યામ મહારાજના પંચદશાબ્દી મહોત્સવ ઉપક્રમે ૧૫ દિવસના શ્રી





સર્વમંગલયાગનું દિનાંક ૩૧ થી ૧૪ જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન ૧૫ દિવસનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સાથે શ્રી જનમંગલ પુરશ્ચરણ કરવામાં આવ્યું હતું. દેશ વિદેશમાં રહેતા હરિભક્તોએ હવનમાં બેસી દેવતાઓને આહુતિ આપી પ્રસન્ન કર્યા હતા.

## પ્રસાદી મંદિરે શ્રીહરિચરિત્રામૃ સાગર (માધવદાસ સ્વામીનો ગ્રંથ) પંચાહ્ન પારાયણ

દિનાંક ૧૨ થી ૧૬ જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન પ્રસાદી મંદિરમાં અ.નિ.કરસનભાઈ મનજી હિરાણીના મોક્ષાર્થે પાંચ દિવસની પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૧૨ ના સવારે શ્રીઘનશ્યામ મહારાજના ચરણોમાંથી પોથીયાત્રા વાજતે ગાજતે સભામંડપમાં પધારી હતી. ગણેશ



સ્થાપન બાદ સ્વામી તીર્થમુનિદાસજીએ સંગીત સાથે કથા સંભળાવી હતી. બપોરપછી સ્વામી દેવવિહારીદાસજીએ એમ બંને વક્તાઓ કથા સંભળાવી કથારસ તરબોળ કર્યા હતા. તા.૧૩ ના રોજ સવારે મહાપૂજા રાખવામાં આવી હતી. અને સાંજે હમીરસરોવરનું પૂજન તથા મહાઆરતી કરવામાં આવી હતી. તા.૧૪ ના સંક્રાંતિ હોવાથી મંદિર તરફથી ૧૦૦ કીટો ગરીબોને અનાજ અને ધાબળા અર્પણ કરાયા હતા. જેમાં યજમાન સહભાગી થયા હતા. આ પ્રસંગે ગાંધીધામથી સ્વામી મુક્તવલ્લભદાસજી, સ્વામી ધર્મકિશોરદાસજી, સ્વામી ન્યાલકરણદાસજી આદિ સંતો પધાર્યા હતા અને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. શ્રીઘનશ્યામ મહારાજના ૧૫ માં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે સર્વમંગલ યાગનો પણ પરિવારે લાભ લીધો હતો. ૧૬ તારીખે કથાની સમાપ્તિ હોવાથી મંદિર તરફથી પહેરામણી કરવામાં આવી હતી. અને સદ્ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, મહંત સદ્ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્ગુરુ સ્વામી હરિબળદાસજી તથા પૂ.સ્વામી શ્રીપ્રકાશદાસજીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. અગાઉ કરસનબાપાએ પોતાની હયાતીમાં ૨૩ પારાયણો કરીને જીવન ધન્ય બનાવવાની સાથે પરિવારને પણ ધન્ય બનાવ્યો છે. આ પરંપરા કુટુંબમાં જળવાઈ રહે સંપ જળવાઈ રહે એવા રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. યજમાન ગં.સ્વ.અમરબાઈ કરસન હિરાણી, સુપુત્રો કલ્યાણભાઈ, રવજીભાઈ, લાલજીભાઈ તથા પ્રેમજીભાઈ સમગ્ર પરિવાર સાથે રહ્યો હતો.

અ - કો.સ્વામી રામાનુજદાસજી

## પ્રસાદી મંદિરે શ્રીસત્સંગિભૂષણ પંચાહ્ન પારાયણ

દિનાંક ૧૧ થી ૧૫ જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન અ.નિ. નાનજીભાઈ શામજી વેકરીયા - સુખપરની પુણ્ય સ્મૃતિમાં પ્રસાદી મંદિરમાં પાંચ દિવસની પારાયણ કરવામાં આવી હતી. સ્વામી દેવવિહારીદાસજી તથા સ્વામી તીર્થમુનિદાસજીએ કથા સંભળાવી હતી. સંગીતમાં સ્વામી જનમંગલદાસજીએ સાથ આપ્યો હતો. કથા દરમિયાન સ.ગુ. સ્વામી કેશવજીવનદાસજી આદિ



સંતો પધારી આશીર્વાદ પાઠવ્યા હતા. પ્રસાદી મંદિરના મહંત સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી મુકુંદજીવનદાસજી, સ.ગુ. સ્વામી હરિબળદાસજી આદી સંતોએ યજમાન પરિવારને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. યજમાન ગંગા સ્વ. પ્રેમબાઈ સુપુત્રો દેવશીભાઈ તથા દિનેશભાઈ આદી પરિવારને પ્રસાદી મંદિર તરફથી પહેરામણી કરવામાં આવી હતી. ઉચ્ચકુળમાં જન્મ લેનાર વેકરીયા પરિવારને સંતોએ પોતાના વડીલો તરફથી મળેલ સત્સંગના સંસ્કારો જળવાઈ રહે એવી ભલામણ સાથે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

## અંજાર મંદિર દ્વારા ઉજવાયેલ ભવ્ય શાકોત્સવ તથા પવિત્ર ધનુર્માસ મહામંત્રની ધૂનની પૂર્ણાહુતી



પોષસુદ - ૧૪, તા.૧૨/૧ના દિવસો અંજાર મંદિરના વડીલ સ.ગુ.પુરાણી સ્વામી શ્રીહરિદાસજી, મંડળધારી શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજીના માર્ગદર્શનમાં શાકોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. પ્રારંભમાં યોજાયેલી સભામાં વક્તા કોઠારી શાસ્ત્રી સ્વામી શ્રીરંગદાસજીએ સ્વામિનારાયણ સંપ્રદાયમાં શાકોત્સવનાં મહત્વ વિશે જણાવ્યું હતું, જે પરંપરા આજે પણ યથાવત ચાલી આવી છે. સ.ગુ.પુરાણી સ્વામી શ્રીહરિદાસજીએ આશીર્વચન પાઠવતા જણાવ્યું હતુંકે, જેમને ભગવાને લક્ષ્મી આપી હોય તો દાન-પુણ્ય કરતાં નથી, તે ખુબ ખોટુ કરે છે. હાથમાં આવેલી અનમોલ તક ગુમાવે છે. આ પ્રસંગે કોઠારી પુ. સ્વામી દેવસ્વરૂપદાસજી, સ્વામી અક્ષરસ્વરૂપદાસજી, પુરાણી સ્વામી રાધારમણદાસજી, પુરાણી સ્વામી ધર્મપ્રિયદાસજી આદિ સંતો ઉપસ્થિત રહ્યા હતા, સંચાલન શાસ્ત્રી



સ્વામી નારાયણપ્રિયદાસજીએ કર્યું હતું ભક્તોએ કથા શ્રવણ સાથે પ્રસાદનો લાભ લીધો હતો. આ પ્રસંગના યજમાન ગામ ફોટડી હાલે નૈરોબી વસતા ભીમજીભાઈ હરજીભાઈ ભુડીયા પરિવાર રહેલ.

પવિત્ર ધનુર્માસ દરમ્યાન મહામંત્રની ધૂનની પૂર્ણાહુતી :- વહેલી સવારની ગુલાબી ઠંડીમાં થતી એક માસની ધનુર્માસ દરમ્યાન મહામંત્રની ધૂનની પૂર્ણાહુતી તા.૧૪-૧ના કરવામાં આવી. ધૂન બાદ ભક્તોને દરરોજ સ.ગુ.પુરાણી સ્વામી શ્રીહરિદાસજી, કોઠારી પુ.સ્વામી દેવસ્વરૂપદાસજી આદિ સંતો દ્વારા વિવિધ પ્રવચનો તથા વિવધ પ્રકારના પ્રસાદનો ખૂબ લાભ મળી રહેલ. દરરોજ પ્રસાદ માટે અલગ અલગ યજમાનોએ સેવાનો લાભ લીધેલ.



કડકડતી ઠંડીમાં પણ દરરોજ અંદાજે ૧૫૦૦ હરિભક્તો લાભ લેવા પધારતા. આખા માસને અંતે મહાઆરતી સાથે ધૂનની પૂર્ણાહુતી કરવામાં આવેલ. કાર્યક્રમને સફળ બનાવવા શાસ્ત્રી સ્વામી નારાયણપ્રિયદાસજી, કોઠારી શાસ્ત્રી સ્વામી શ્રીરંગદાસજી, સભા સંચાલક શાસ્ત્રી સ્વામી કૃષ્ણવિહારીદાસજી, શાસ્ત્રી સ્વામી સંતદાસજી વિગેરે સંતો તથા મંડળના અન્ય યુવાન સંતો તથા કોઠારી સામજીભાઈ ધનજી હીરાણી, ટ્રસ્ટી મંડળના સર્વે સદસ્યો તથા કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનો તથા સાં.યો. ત્રિવેણીબાઈ આદિ સમગ્ર સાં.યો. બહેનો તથા સર્વે નાના મોટા બાઈઓ તથા ભાઈઓ સર્વે પોતાનો કિંમતી સમય આપીને આ મહોત્સવને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવેલ.

- અહેવાલ : મેહુલભાઈ ઠક્કર, અંજાર

## શ્રીસ્વામિનારાયણ પ્રસાદી મંદિર માંડવી મધ્યે ભવ્ય શાકોત્સવ એવં મહિલા સત્સંગ સભા યોજાઇ

તા.૧૧/૧/૨૦૨૫, શનિવારના રોજ માંડવી મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી અને કોઠારી સ્વામી સંતજીવનદાસજીના આશીર્વાદથી શ્રીસ્વામિનારાયણ પ્રસાદી મંદિર માંડવી મધ્યે શાકોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

માંડવી મંદિરમાં વિરાજમાન શ્રીઘનશ્યામ મહારાજને ૨૫ વર્ષ થઈ રહ્યા છે ત્યારે સમગ્ર હરિભક્તોના હૃદયમાં ખૂબ ઉત્સાહ અને ઉમંગ છે. અને માંડવી મંદિરે ભવ્ય સુવર્ણ વાઘાનો ઉત્સવ થઈ રહ્યો છે. ત્યારે માંડવી શહેરમાં પણ સત્સંગ વધે, હરિભક્તો વિશેષ જોડાય તે હેતુસર માંડવી મંદિરના સાં.યો. બહેનો દ્વારા શ્રીસ્વામિનારાયણ પ્રસાદી મંદિરે દર મહિને શહેરના સત્સંગના ઉત્કર્ષમાં મોટી મહિલા મંડળની સભાઓ થઈ રહી છે.

કચ્છ શ્રીનરનારાયણદેવ યુવતી મંડળ માંડવી શહેરના સૌ બહેનો સાં.યો. નાના મેઘબાઈ ફઈના આશીર્વાદથી મહિલા મંડળ દ્વારા શાકોત્સવની ઉજવણી કરવાનું નક્કી કરી અને મોટી સંખ્યામાં બહેનો અને સેવાભાવી ભક્તોને સાથે લઈ મોટો શાકોત્સવનું આયોજન કર્યું.

માંડવી મંદિરના ડો.સ્વામી સત્યપ્રસાદદાસજી, સ્વામી શ્યામકૃષ્ણદાસજી અને સ્વામી વ્રજજીવનદાસજી દ્વારા ભગવાનની પ્રસન્નતાર્થે સંતો દ્વારા શાકનો વઘાર આપી હરિભક્તોને પ્રસન્ન કરવામાં આવ્યા. સર્વે હરિભક્તો ભજન-ભક્તિ અને કથાવાર્તા બાદ ભગવાનનો પ્રસાદ લઈ તૃપ્ત થયા. સૌ વડીલ હરિભક્તો પ્રસાદી મંદિરમાં સેવા કરી પોતાને કૃતાર્થતા અનુભવી રહ્યા હતા.

અ - નિર્મલકુમાર

## ગુજરાતના રાજ્યપાલ આચાર્યશ્રી દેવવ્રતજી અને સંતોના વરદ્‌હસ્તે અંજાર તાલુકાના ચાંદ્રાણી ખાતે ૧૦ એકરમાં નિર્માણ પામનાર શ્રીસ્વામિનારાયણ વૈદિક ગુરુકુલમ્‌નું આજરોજ ખાતમુહૂર્ત અને શિલાન્યાસ કરવામાં આવ્યો

આજનો દિવસ કચ્છ માટે ઐતિહાસિક અને ગૌરવવંતો એટલા માટે છે કે ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિર સંસ્થાપિત રાપર ગુરુકુળ દ્વારા સંચાલિત સ્વામિનારાયણ વૈદિક ગુરુકુલમ્‌નું રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના હસ્તો તા.૨૨/૧/૨૦૨૫ બુધવાર અંજાર તાલુકાના ચાંદ્રાણી ખાતે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. એવં સદ્‌ગુરુ મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજી



આદિ સંતો તથા યજમાનોની ઉપસ્થિતિમાં શિલાન્યાસવિધિમાં ઉપસ્થિત રહી.

આ પ્રસંગે સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીએ ચાંદ્રાણી ગામ શ્રીસ્વામિનારાયણ ભગવાનની પ્રસાદીનું છે તે યાદી આપીને જગ્યાના મહિમાની વાત કરી હતી.

ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ સભામાં આશીર્વાદ આપતા કહ્યું હતું કે ભુજ મંદિર શિક્ષણકાર્યમાં બહુ જ મોટી સેવા કરી છે અને અનેક શિક્ષણ સંસ્થાનો કર્યા છે અને એના માધ્યમથી અનેક વિદ્યાર્થીઓ જીવનનું શિક્ષણ લઈ રહ્યા છે. આ શિક્ષણ માણસના જીવનને પ્રગતિ અપાવે છે અને સુખ આવે છે પણ આજે ચાંદ્રાણી મુકામે શ્રીસ્વામિનારાયણ વૈદિક ગુરુકુલમ્‌નો જે શિલાન્યા થયો છે એ ગુરુકુલમ્ બહુ જ વિશિષ્ટ પ્રકારનું હશે. ભગવાન શ્રીસ્વામિનારાયણ આ કાર્યને પૂર્ણ કરાવે એવા આશીર્વાદ પાઠવ્યા હતા.

ચાંદ્રાણી શ્રીસ્વામિનારાયણ વૈદિક ગુરુકુલમ્‌ના ખાતમુહૂર્ત એવં શિલાન્યાસ પ્રસંગે પધારેલા ગુજરાત રાજ્યના માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીને ગાર્ડ ઓફ ઓનર આપી આવકાર્યા હતા. ત્યાંથી ભૂમિપૂજન શિલાન્યાસ સ્થળે પધારી મંહત સ્વામી સાથે પૂજન શિલાન્યાસ કરવામાં આવ્યો. આજના શિલારોપણના મુખ્ય યજમાન પ.ભ.કાનજીભાઇ ખીમજી જેશાણી, ધ.પ.ધનુબેન પરિવાર બળદિયા હાલે લંડન રહી ૭૭ લાખ ૭૭ હજાર ૭૭૭ સાતસો ને સતોતેરની સેવા જાહેર કરી પૂજનના યજમાન બન્યા હતા. ત્યારબાદ માનનીય રાજ્યપાલશ્રી અને પૂજય સંતો દ્વારા પવિત્ર વૃક્ષ આંબો અને આસોપાલવના રોપાનું પૂજન કરી વૃક્ષારોપણ કર્યા બાદ વિશાળ સંભામંડપના મુખ્ય સ્ટેજ ઉપર પધાર્યા હતા. ભુજ મંદિરના મહંત સ્વામી દ્વારા સ્વાગતની પુષ્પમાળા પહેરાવી શાલ ઓઢાડી સ્વાગત કરી તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું.



આ પ્રસંગે માનનીય રાજ્યપાલશ્રીએ ઉદ્‌બોધનમાં સ્વામિનારાયણ વૈદિક ગુરુકુલમ્‌ના શિલાન્યાસ પ્રસંગે વેદોનો પરિચય આપતા કહ્યું કે, જ્ઞાન બે રીતે થાય છે એક સહજ જ્ઞાન જે જન્મજાત જ્ઞાન હોય છે. પશુ-પક્ષીને જે જ્ઞાન છે તે જન્મજાત છે,

બીજું જ્ઞાન નિમિત્ત જ્ઞાન જે અભ્યાસ કરવાથી તાલિમ લેવાથી પ્રાપ્ત થાય છે. વેદ એ ખજાનો છે જે દિવસે આ દુનિયામાં કંઇ જ નહોતું ત્યારે શું કરવું તેનો બોધ આ વેદોએ આપેલો. વેદ એ ભગવાનની વાણી છે અને ચાર વેદ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ.

માણસ એક વિશિષ્ટ વ્યક્તિ છે જે પોતે તાલિમ લઇ તૈયાર થાય છે અને બીજાને તાલિમ



આપી શકે છે, જ્યારે માણસ સિવાય જીવસૃષ્ટિમાં આવું સંજ્ઞાન બીજા કોઇને નથી. આજના દિવસે વૈદિક ગુરુકુલમ્‌ના શિલાન્યાસ પ્રસંગે પોતાની હાજરી અને ઉપસ્થિતિએ આનંદ વ્યક્ત કરતા આ શ્રીસ્વામિનારાયણ વૈદિક ગુરુકુલમ્‌ને રૂપિયા પાંચ લાખનું દાન જાહેર કર્યું હતું. આભારની લાગણી વ્યક્ત કરતાં રાપર ગુરુકુળના પ્રમુખ શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, મહંત સ્વામી, ઉપમહંત સ્વામી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, કચ્છ સત્સંગનાં બહેનોના ગુરુ સાં.યો.મહંત સામબાઇ ફઇ તથા ભુજ ચોવિસીના, વાગડના, અબડાસાના સર્વે સાં.યો.બહેનો તેમજ ચાંદ્રાણી ગામના સરપંચ, પંચાયતના સર્વે સદસ્યો, ગ્રામજનો તથા હિરાપરના સર્વે ગ્રામજનો તેમજ આજુબાજુના ગામોમાંથી પધારેલ સમાજ અગ્રણીઓ સાથે પધારેલ સર્વે સભાસદોએ ખુશી વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે સદ્‌ગુરુ સ્વામી વિશ્વપ્રકાશદાસજી, સદ્‌ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી, સ્વામી શ્રીપ્રકાશદાસજી, સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, સ્વામી પ્રભુવલ્લભદાસજી આદિ સંતો, ભુજ મંદિરના કોઠારી મુરજીભાઇ શીયાણી, ઉપકોઠારી જાદવજીભાઇ, રામજીભાઇ તથા સવે ટ્રસ્ટી મંડળના સભ્યો, ગુરુકુળોના સંચાલકો તેમજ સંકૂલમાં નાની મોટી આર્થિક સેવા કરનાર યજમાનોને પહેરામણી કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજીએ સંભાળ્યું હતું. ભગવાન શ્રીસ્વામિનારાયણના જયઘોષ સાથે પ્રસંગ પૂર્ણ થયા બાદ ઉપસ્થિત સર્વે શ્રોતાજનોએ ભોજન પ્રસાદ લીધો હતો. વ્યવસ્થા ડો.સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી, સ્વામી રામપ્રિયદાસજી, સ્વામી સુવ્રતમુનિદાસજી, સ્વામી આનંદમુનિદાસજી વિગેરે સંતોએ સંભાળી હતી. કથા ડો.સ્વામી અક્ષરમુનિદાસજીએ સંભળાવી હતી. પધારેલ સાં.યો.બહેનોની વ્યવસ્થા દુધઇના સાં.યો.બહેનો અનિતાબાઇ તથા સાં.યો.નિતાબાઇ આદિ બહેનોએ સંભાળી હતી.

અ - સ્વામી રામાનુજદાસજી

## રજત જયંતી વાત્સલ્ય મહોત્સવ - કોડાય ગુરુકુળ

ઇષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાન, શ્રીનરનારાયણદેવ, વૃંદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજની અહૈતુકી કૃપા અને મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ વડિલ સંતોના આશીર્વાદથી કોડાય ગુરુકુળને ૨૫ વર્ષ પૂર્ણ થતાં રજત જયંતી વાત્સલ્ય મહોત્સવ ધામધૂમ પૂર્વક ઉજવાયો.

વિજયધ્વજ સ્થાપના :- તા.૧૬/૧૨/૨૪ સોમવાર માગસર વદ-૧ ના પવિત્ર દિવસે શુભ મુહૂર્તમાં વિજય ધ્વજનું ભૂદેવો દ્વારા યજમાનશ્રી પ.ભ.ધનજીભાઇ વિશ્રામ પિંડોરીયા-ગોધરા, વિશ્રામભાઇ રામજી કેરાઇ-ભારાપર, લક્ષ્મણભાઇ લાલજી વરસાણી-નાગલપરના વરદ્‌હસ્તે પૂજન કરવામાં આવ્યું હતું. બાદમાં ધ્વજ સાથે વાજતે ગાજતે ઉત્સવ સ્થળ ઉપર સૌ પ્રથમ માંડવી મંદિરના મહંત

સદ્‌ગુરુ સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, સદ્‌ગુરુ શા.સ્વામી પ્રભુજીવનદાસજી, પુરાણી સ્વામી મુક્તવલ્લભદાસજી, શા.સ્વામી કૃષ્ણજીવનદાસજી આદિ સંતોના વરદ્‌હસ્તે પૂજન કરી વિજય ધ્વજ લહેરાવવામાં આવ્યો.

રજત જયંતી વાત્સલ્ય મહોત્સવ :- પ્રથમ દિવસે તા.૨૮/૧૨/૨૪ શનિવારના રોજ બ્રહ્મભીના વાતાવરણમાં પ્રાર્થના મંદિરમાં શ્રીઠાકોરજીના સાનિધ્યમાં ભૂદેવો દ્વારા યજમાનશ્રીઓના હસ્તે પોથી પૂજન-આરતી કરી યજમાનશ્રીઓને પોથી મસ્તકે ધારણ કરાવી મંડળીવાળા ભક્તોના વાજીંત્રો સાથે કંપની ધનજીભાઇ કરસન વરસાણી, મનજીભાઇ માવજી હાલાઇ-માંડવી, હિરજીભાઇ રતના રાબડીયા-સરલી(નૈરોબી), કાનજીભાઇ દેવશી હિરાણી ડાયમંડ સ્ટાર કન્ટ્રકશન-માનકુવા, કાન્તીલાલ નાથાલાલ ભંડેરી-નાગલપર આદિ સંતો-ભક્તોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી શુભારંભ થયો. ત્યારબાદ મંગલ પ્રવચનમાં શા.સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ કોડાય ગુરુકુળના પાયાથી અત્યારસુધીના ઇતિહાસની વાત કરી. પછી પોથીજી અને વક્તાશ્રીનું કથાના યજમાન રામજીભાઇ રવજી રાબડીયા-માંડવી દ્વારા પૂજન કરી કથાનો પ્રારંભ થયો. જેમાં વકતા સ્વામી



પોથીયાત્રાનો પ્રારંભ કરી ઉત્સવ સ્થળે વાજતે ગાજતે લઇ સૌ પ્રથમ મુખ્ય દ્વારનું પૂજન કરી સંતો દ્વારા ઉદ્‌ઘાટન કરી વ્યાસપીઠ પર પોથીજીને પ્રસ્થાપિત કરી ગુરુકુળના વિદ્યાર્થીઓ દ્વારા પધારેલા સંતો-ભક્તોનું નૃત્ય દ્વારા ભાવભીનું સ્વાગત કરાયું.

મહોત્સવના પ્રારંભમાં ભુજ મંદિરેથી પધારેલા સંતો સદ્‌ગુરુ સ્વામી સનાતનદાસજી, સદ્‌ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી જગતપાવનદાસજી, સદ્‌ગુરુ શા.સ્વામી પ્રભુજીવનદાસજી, સંચાલક શા.સ્વામી કૃષ્ણજીવનદાસજી, સહ સંચાલક પુ.સ્વામી જયકૃષ્ણદાસજી આદિ સંતો તેમજ ઉત્સવના મુખ્ય યજમાન કરસન રામજી એન્ડ





શ્યામકૃષ્ણદાસજીએ શ્રીમદ્‌ભાગવતજીના માહાત્મયની કથા સંભળાવી બાદમાં પ્રાર્થના મંદિરમાં બિરાજમાન શ્રીઘનશ્યામ મહારાજને વસ્ત્ર, અલંકાર, છત્ર, મુગટનો અર્પણવિધિ કરવામાં આવ્યો અને અંતમાં મથલ ગુરુકુળના સંચાલક પુ.સ્વામી ચંદ્રપ્રકાશદાસજીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા.

રાત્રી સત્રમાં વ્યાખ્યાનમાળાના માધ્યમથી શાસ્ત્રી સ્વામી જગતવિહારીદાસજીએ ગુરુકુળ પરંપરાથી ભારતીય સંસ્કૃતિની ઉજવળતાની ઐતિહાસિક વાતો કરી બાદ ગુરુકુળમાં ભણતા વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમમાં સ્વાગત નૃત્ય,

પ્રમાણિકતા રૂપક, પિતાની બાળકો માટેની ફરજ એ ઉપર રૂપક, મલખમ યોગા વિગેરે કૃતિઓ રજૂ કરવામાં આવી અને સભાસદોને ખૂબ આનંદિત કર્યા અંતમાં બાળકોને યજમાનશ્રીઓ દ્વારા પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

તા.૨૯/૧૨/૨૪ ઉત્સવના બીજા દિવસે વક્તા શા.સ્વામી શૌનકમુનિદાસજીએ ભાગવતજીના અનેક પ્રસંગોની કથા વર્ણવતા અંતમાં ભગવાન શ્રીકૃષ્ણના પ્રાગટ્યની અદ્ભુત કથા સાથે દિવ્ય જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી. જન્મોત્સવના યજમાન માંડવીના પ.ભ.પ્રેમજીભાઇ રામજી કેરાઇ પરિવારે લાભ લીધો હતો. જેમાં ગુરુકુળના વિદ્યાર્થીઓ ગોવાળિયાઓની વેશભૂષા ધારણ કરી નૃત્ય સાથે મટકીફોડ કરી ભક્તને આનંદિત કર્યા હતા. આ પ્રસંગે



માંડવી મંદિરના મહંત સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજીએ આશીર્વાદમાં ભારતીય સંસ્કારોનું જતન અને સિંચન આવા ગુરુકુળના માધ્યમથી સંતો કરી રહ્યા છે એવી વાત કરી બાદ યશસ્વી યજમાનશ્રીઓને પહેરામણી સાથે સંતોએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

રાત્રી સત્રમાં વ્યાખ્યાનમાળામાં શા.સ્વામી યજ્ઞપ્રકાશદાસજી(મહંતશ્રી કલોલ)એ સ્વામિનારાયણ સંપ્રદાયની દિવ્યતા અને ભવ્યતા સંતોના માધ્યમથી છે એ વાત કરી બાદમાં આપણા ભુજ મંદિરના સંગીતજ્ઞ સંતોના માધ્યમથી સંગીત સંધ્યાનો દિવ્ય અને ભવ્ય આયોજન જેમાં સંગીતાકાર શા.સ્વામી નિર્ભયચરણદાસજી, સંગીતાકાર સ્વામી ભજનપ્રકાશદાસજીએ નંદ સંતોને ભક્ત કવિઓના સુંદર કીર્તનોના માધ્યમથી સુંદર રમઝટ કરાવી હતી. સાથે શા.સ્વામી વેદાંતસ્વરૂપદાસજીએ હળવા હાસ્ય સાથે સંસ્કારની વાત કરી સભાજનોને આનંદિત કર્યા હતા.

તા.૩૦/૧૨/૨૪ ઉત્સવના તૃતીય દિવસે સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ ભાગવતજીના દશમ સ્કંધ અંતર્ગત કનૈયાના બાલ ચરિત્રોની કથા સંભળાવી હતી. આ સત્રમાં પ.પૂ.મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્ગુરુ સ્વામી ભગવદ્જીવનદાસજી, સદ્ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ સંતો પધાર્યા હતા. સૌ પ્રથમ પૂ.મહંત સ્વામીનું ગુરુકુળના સંતોએ ભાવથી સ્વાગત પૂજન કર્યું. ત્યારબાદ પૂ.મહંત સ્વામીએ રૂડા આશીર્વાદ પાઠવતા કહ્યું કે કોડાય ગુરુકુળનું સંચાલન કરતા સંતોને બિરદાવ્યા અને મહંત સ્વામીએ પોતાનો સંકલ્પ ભક્તો આગળ કહ્યું કે આ કોડાય ગુરુકુળમાં ૨૫ વર્ષનો ઉત્સવ ઉજવાઇ રહ્યો છે તેમાં ઘણા દીકરા-દીકરીઓ વિદ્યાભ્યાસ કરે છે એમાં જે દીકરીઓ ગુજરાતી માધ્યમમાં ભણે છે તેને નિઃશુલ્ક ભણાવવી અને અંગ્રેજી માધ્યમમાં અડધી ફી લઇને ભણાવવી એવી અમારી



ઈચ્છા છે અને તરત જ સ્વામીના સંકલ્પને ગુરુકુળના સંતો અને હરિભક્તોએ વધાવી લીધો અને એજ વખતે ગામ નારાણપરના પ.ભ.ધનજીભાઈ કરસન વરસાણીએ દીકરીઓને નિઃશુલ્ક ભણાવવામાં ખૂબ મોટી સેવા કરી સંતોનો રાજીપો પ્રાપ્ત કર્યો સાથે અનેક ભક્તોએ પોતાનું યોગદાન આપ્યું. સાથે ગઢપુર મંદિરના ચેરમેન શાસ્ત્રી સ્વામી હરિજીવનદાસજી, વડતાલ સંસ્કૃત પાઠશાળાના સંચાલક શા.સ્વામી હરિઓમપ્રકાશદાસજી, શા.સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી-રામપુરા-સુરત રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

રાત્રી સત્રમાં સહજાનંદ ગુરુકળના સંચાલક શા.સ્વામી આનંદસ્વરૂપદાસજીએ પ્રેઝન્ટેશનના માધ્યમથી જીવન એક પસંદગીની સુંદર વાતો કરી ત્યારબાદ ગુજરાતના પ્રસિદ્ધ હાસ્ય કલાકાર હિતેશ અંટાળાનો હાસ્ય દરબાર જેમાં હાસ્ય સાથે આપણી માતૃભાષા ને આપણી સંસ્કૃતિના માધ્યમથી ઉજળા છીએ અને જાળવવાની જવાબદારી આપણી જ છે ને આ બાળકોના સંસ્કાર જોઈને ખૂબ જ આનંદ થયો સંતોની મહેનતનું ફળ દેખાઈ રહ્યું છે. તમારા બાળકોને આવી સંસ્થામાં ભણવા મુકજો જેથી આપણા સંસ્કારો આવતી પેઢીમાં પણ જળવાઈ રહે એવી વાતો સાથે આનંદિત કર્યા હતા.

તા.૩૧/૧૨/૨૪ ચતુર્થ દિવસે શા.સ્વામી શૌનકમુનિદાસજીએ કૃષ્ણ ચરિત્રની કથાનું શ્રવણ કરાવ્યું હતું. સાથે સ્વામિનારાયણ ભગવાને ૨૦૪ વર્ષ પહેલાં લોયાની ધરતી ઉપર સુરાબાપુના દરબારમાં કરેલો શાકોત્સવ તેની ઉજવણી કરવામાં આવી હતી. જેના યજમાન થવાનો લાભ ગામ રામપર(લંડન)ના અ.નિ.નારાણભાઈ રવજી કેરાઈ, ધ.પ.ગં.સ્વ રતનબાઈ આદિ પરિવારે લીધો હતો. આજના દિવસે ખૂબ સંતો પધાર્યા જેમાં પ્રસાદી મંદિર ભુજના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીએ આવો અવસર આવ્યો છે એમાં તમે લાભ લીધો છે એ જોઈને રાજીપો થાય છે. સદ્‌ગુરુ પુરાણી સ્વામી કેશવજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, શા.સ્વામી સુર્યપ્રકાશદાસજી-વડતાલ, શા.સ્વામી દેવચરણદાસજીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.



રાત્રી સત્રમાં ભગવાન શ્રીકૃષ્ણે ગોપીઓનો સંકલ્પ પૂર્ણ કરવા વૃંદાવનમાં કરેલો રાસ અને પંચાળાની ધરતી ઉપર સ્વામિનારાયણ ભગવાને સંતો-ભક્તોની સાથે રમેલો જે દિવ્ય રાસની ઝાંખી કરાવે એવું ભવ્ય આયોજન કરવામાં આવ્યો હતો. જેમાં ગુજરાતના પ્રસિદ્ધ ગાયક હેમંત જોશી અને જયેશ જેશાણીએ અક્ષરેશ ફોક બેન્ડના સથવારે સુંદર કીર્તનોના માધ્યમથી રાસ રમાડી સંતો-ભક્તો-વિદ્યાર્થીઓને ખૂબ રાજી કર્યા હતા.



તા.૧/૧/૨૫ ઉત્સવના પાંચમા દિવસે પ્રાર્થના મંદિરમાં બિરાજમાન શ્રીઘનશ્યામ મહારાજનો દિવ્ય અભિષેક કરવામાં આવ્યો હતો. બાદમાં શણગાર આરતી કરી અન્નકૂટ ધરવામાં આવ્યો હતો જેના યજમાન થવાની સેવા ગામ બળદિયા(મોમ્બાસા)ના અ.નિ.રવજીભાઈ લાલજી ઠાકરાણી, ધ.પ.ગં.સ્વ.વાલબાઈ સપરિવારે સેવા કરી હતી. કથામાં સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ કૃષ્ણ ચરિત્ર ગોકુળથી મથુરા ગમન, કંસ વધ, ઉદ્ધવ ગોપી મિલનની કથા સંભળાવી હતી. અને સંતોના આશીર્વાદમાં જુનાગઢ મંદિરના કોઠારી શા.સ્વામી પ્રેમસ્વરૂપદાસજીએ કચ્છ સત્સંગની સેવાને બિરદાવી હતી. ભુજ મંદિરના કોઠારી સ્વામી નારાયણમુનિદાસજીએ આપણા વડીલ સંતોએ આપણને કચ્છના બાળકો વિદ્યાભ્યાસ કરીને નરનારાયણદેવના થઈને રહે તે હેતુથી ગુરુકુળની

સ્થાપના કરી. સદ્‌ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજીએ કોડાય ગુરુકુળે અ.નિ.વાત્સલ્યમૂર્તિ ઘનશ્યામજીવનદાસજીના આશીર્વાદથી ઘણી બધી સિદ્ધિઓ હાંસલ કરી છે ને હજી આગળ પણ સિદ્ધિઓ હાંસલ કરતા રહે એવી ભાવના વ્યક્ત કરી હતી.

બપોરપછી પ્રાર્થના મંદિરમાં બિરાજમાન શ્રીઘનશ્યામ મહારાજનો રાજોપચાર પૂજન કરવામાં આવ્યું. રાત્રી સત્રમાં ગુરુકુળમાં વિદ્યાભ્યાસ કરતા બાળકોનું સાંસ્કૃતિક કાર્યક્રમ જેમાં અવનવી કૃતિઓ રજૂ કરી અને સૌ સંતો-ભક્તોને બાળકોએ રાજી કર્યા



હતા. અને સંતો-ભક્તોએ બાળકોની મહેનતને પ્રોત્સાહન આપી બિરદાવ્યા હતા.

તા.૨/૧/૨૫ છઠ્ઠા દિવસે શા.સ્વામી શૌનકમુનિદાસજીએ ભાગવતજી અંતર્ગત ભગવાન શ્રીકૃષ્ણના લગ્નની કથા સંભળાવી હતી. ત્યારબાદ કોઠારી પાર્ષદ જાદવજી ભગતે રૂડા આશીર્વાદ પાઠવતા જણાવ્યું સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞાથી વિદ્યાદાનની પ્રવૃત્તિ કરાવવી એ ભુજ મંદિરના માધ્યમથી સંતો આપ જેવા ભક્તોના સહયોગથી કરી રહ્યા છે. બાદમાં ઉત્સવમાં વિવિધ સેવા કરતા પૂર્વ વિદ્યાર્થીઓ અને યુવાનોનું સન્માન કરવામાં આવ્યું ને સત્રના અંતમાં ઉપમહંત સ્વામીએ રૂડા આશીર્વાદ પાઠવતા કહ્યું કે ઋષિ પરંપરા ભારતમાં ગામે ગામ ગુરુકળો હતા એ પરંપરા લુપ્ત થવા લાગી ત્યારે આપણા ભુજ મંદિરના સદ્‌ગુરુ મહંત સ્વામી શ્રીવલ્લભદાસજીએ એ પરંપરા સંપ્રદાયમાં સૌ પ્રથમ શરૂ કરી અને એ જ્યોત આજે કોડાય ગુરુકળના માધ્યમે ખૂબ સંસ્કૃતિ ને સત્સંગના સંસ્કારો બાળકોમાં સિંચન થાય છે અને પૂર્વ વિદ્યાર્થીઓ આ સ્થાનને ક્યારેય ભૂલશો નહીં. સંતો સાથે જોડાયેલ રહેજો એવી મારી ભલામણ છે.



બપોરપછીના સત્રમાં ગુરુકળમાં વિદ્યાભ્યાસ કરી ગયેલા એવા પૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન રાખવામાં આવ્યું હતું. જેમાં ભુજ મંદિરના વિદ્વાન શા.સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ પૂર્વ વિદ્યાર્થીઓને વાત કરતા કહ્યું કે આપણે જે જગ્યાએ છીએ ત્યાં પ્રમાણિકતાથી રહીએ અને આપ પરિવાર સાથે રહો છો તો પરિવારનો પ્રેમ લુંટતા શીખો. કોઈ સાથે વેર ન જોઈએ પણ સૌ સાથે પ્રેમ હોવો જોઈએ સાથે આ સ્થાને વિદ્યાભ્યાસ કરી ગયા છો તો જીવનમાં આ સંતો સાથે જોડાયેલા રહેજો. જીવનમાં ક્યારેય હતાશામાં રહેવાનો વારો નહીં આવે. અને કાયમ આનંદમાં રહી શકશો. એવી ભલામણ કરી હતી. રાજકોટથી આવેલા આનંદસાગર તન્ના લાઈફ કોચ પણ પોતાની વાત વિદ્યાર્થી પાસે કરી જીવનમાં સંસ્કારમાં કેવું મહત્ત્વ છે. જણાયું બાદમાં આ સંસ્થામાંથી વિદ્યાભ્યાસ કરીને સંસાર છોડી સંત દીક્ષા લઈ શ્રીનરનારાયણદેવની સેવામાં જોડાયેલા સંતોનું સન્માન કરાયું. પૂર્વ વિદ્યાર્થીઓ પણ વિવિધ ક્ષેત્રે આગળ સિદ્ધિઓ હાંસલ કરી હતી જેવી કે સી.એ., ડોકટર, વકીલ, ભારતીય સૈનિક, વ્યવસાય ક્ષેત્રે આગળ આવેલાનું સન્માન કરવામાં આવ્યું સમગ્ર પૂર્વ વિદ્યાર્થીઓને સંભારણારૂપ મોમેન્ટો અર્પણ કરવામાં આવ્યા. અંતમાં ગુરુકળનું સંચાલન કરતા શા.સ્વામી કૃષ્ણજીવનદાસજીએ પૂર્વ વિદ્યાર્થીઓને ઘણો સમય સાથે રહીને આ સત્સંગ સાથે વિદ્યાભ્યાસ કર્યો એ પૂર્વના સ્મરણોને યાદ કરાવ્યા અને આ સંસ્થામાં સંતો સાથે રહીને જે સંસ્કારો મેળવ્યા છે તે તમારા જીવનમાં કાયમ ટકાવી રાખજો અને હમણાં જેમ આવ્યા છો એમ આ તમારું ઘર જાણીને કાયમને માટે આવતા રહેજો. એવી વાત કરી અને છેલ્લે સદ્‌ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.





રાત્રી સત્રમાં વ્યાખ્યાનમાળાના માધ્યમથી ગુરુકુળના સહ સંચાલક પુ.સ્વામી જયકૃષ્ણદાસજીએ ગુરુકુળ ગૌરવ વિષયના માધ્યમથી ગૌરવ પ્રાપ્ત કર્યું છે જણાવ્યું હતું. ત્યારબાદ ગૌ મહિમા વ્યાખ્યાન પ્રવકતા રમેશભાઈ રૂપાલિયા (ગીર ગૌ જતન સંસ્થા-ગોંડલ)એ ગાયનું આપણા જીવનમાં શું મહત્ત્વ છે એ જણાવ્યું હતું. સાથે આપણા દેશી ગાયનું ઘી, દૂધ. દહીંના માધ્યમથી આપણા શારીરિક કેટલા બધા રોગો નાબુદ કરવાની પણ એમાં તાકાત રહી છે એવા ગુણો બતાવીને એની માહિતી આપી અને અંતમાં ગુરુકુળના બાળકોના માધ્યમ સાંસ્કૃતિક કાર્યક્રમમાં સત્સંગની નિષ્ઠા કીર્તન નૃત્ય જેવી કૃતિઓ રજૂ કરી સૌ ભક્તોને આનંદિત કર્યા હતા.

તા.૩/૧/૨૫ ઉત્સવના સાતમાં દિવસે કથા સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ ભગવાન શ્રીકૃષ્ણ મિત્ર સુદામાજીનું ચરિત્ર સંભળાવી જીવનમાં આવો એક મિત્ર રાખજો જેથી સંકટનો સમય સરળતાથી પસાર થઈ જાય એ સાથે કથાને પૂર્ણ કરી આશીર્વાદમાં શાસ્ત્રી સ્વામી પ્રભુજીવનદાસજી તથા સદ્‌ગુરુ જગતપાવનદાસજી પાઠવ્યા અને પધારેલ વડીલ સંતોના હસ્તે રજત જયંતી વાત્સલ્ય મહોત્સવમાં સેવા કરનાર મુખ્ય યજમાન, સહ યજમાન અને ઉત્સવની વિવિધ સેવા કરતા યજમાનનો બિરદાવીને આશીર્વાદના અધિકારી કર્યા સાથે આ ઉત્સવમાં ૨૫ સંહિતાપાઠમાં પવિત્ર ભૂદેવો દ્વારા શ્રીમદ્ ભાગવતજીનું મૌન વાંચન કરાયું હતું.

આ ઉત્સવની વિશેષતા એ હતી કે મુખ્ય સ્ટેજ પર આપણી જીવાદોરી સમાન ગાય માતાનું પૂજન સંતો અને યજમાનો દ્વારા દરરોજ કરવામાં આવતું સાથે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી રચિત સ્વામિનારાયણ ભગવાનનો બીજ મંત્રનો સાત દિવસનો હોમાત્મક યજ્ઞ અને ત્રણ દિવસનું વિષ્ણુયાગ પણ કરવામાં આવ્યો હતો.



સાતમા દિવસે બપોરપછી મહિલામંચનું આયોજન માંડવી અને ભુજ મંદિરના સાં.યો.બહેનોના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું. જેમાં ગુરુકુળ સ્કૂલમાં વિદ્યાભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ દ્વારા સ્વાગત નૃત્ય સાથે અવનવી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.



ત્યારબાદ સાં.યો.બહેનો દ્વારા યુવતીઓને સત્સંગ, સંસ્કાર અને સંસ્કૃતિની વાતો કરી અને પછી ભારતભરમાં હિન્દુત્વની વાત કરી સ્ત્રી શક્તિને જગાડનાર કાજલબેન હિન્દુસ્થાની મુખ્ય પ્રવક્તાનું સાં.યો.બહેનો દ્વારા સ્વાગત કરાયું અને ત્યારબાદ તેમણે નારી શક્તિમાં કેટલી તાકાત છે, હિન્દુત્વનું રક્ષણ કરવું એ આપણી ફરજ છે. તમે 'મા' બનીને આપણી

સંસ્કૃતિ સત્સંગ અને વારસાને જાળવી અને આપણી પેઢીમાં સંસ્કારો આપો જેથી આપણું હિન્દુત્વ કાયમને માટે ટકી રહે અને વિધર્મીઓથી સાવધાન રહી અને આપણી સંસ્કૃતિનું રક્ષણ કરો એવી વાત કરી હતી. અને આ કાર્યક્રમની અંદર ભુજ અને માંડવી મંદિર અને માંડવી કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓએ તેમજ અનેક બહેનોએ પણ બહોળી સંખ્યામાં લાભ લીધો હતો.

ઉત્સવની વિવિધ સેવામાં સંતો જોડાયા એ પૈકી બીજ મંત્ર યાગમાં શાસ્ત્રી સ્વામી જગતવિહારીદાસજી, ડો.સ્વામી સત્યપ્રસાદદાસજી, સંતોના ભંડારમાં સ્વામી શ્રીજીપ્રિયદાસજી, સ્વામી મુક્તમુનિદાસજી, સ્વામી જયહરિદાસજી, હરિભક્તોના રસોડામાં સદ્‌ગુરુ સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, સ્વામી હરિનંદનદાસજી, ઉત્સવ સ્ટેજ અનેક ઉત્સવના પાસાઓની જવાબદારી સ્વામી કપિલજીવનદાસજી, સ્વામી નિત્યપ્રકાશદાસજી, સ્વામી વ્યાસસ્વરૂપદાસજી આદિ સંતો જોડાયા હતા સાથે હરિભક્તો જોડાઈ અને ઉત્સવને દિવ્ય અને ભવ્ય બનાવવા પ્રયત્ન કર્યો હતો. અને ભગવાનની કૃપાથી અને સંતોના આશીર્વાદથી રજત જયંતી વાત્સલ્ય મહોત્સવ સફળતાપૂર્વક ઉજવાયો.

સમગ્ર મહોત્સવનું સભા સંચાલન શા.સ્વામી કૃષ્ણજીવનદાસજી તથા શા.સ્વામી શુકદેવસ્વરૂપદાસજીએ સંભાળ્યું હતું.

અ - સ્વામી કપિલજીવનદાસજી

## શ્રીસ્વામિનારાયણ વિદ્યાલય ભુજ મધ્યે યોજાયેલ સરસ્વતી સન્માન સમારોહ - ૨૦૨૪

શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ પ્રેરિત શ્રીસ્વામિનારાયણ કેળવણી મંડળ સંચાલિત શ્રીસ્વામિનારાયણ વિદ્યાલય -ભુજ ખાતે તા.૧૯/૧૨/૨૦૨૪ ના રોજ શ્રીસ્વામિનારાયણ વિદ્યાર્થી ભુવનના પ્રાંગણમાં શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિને બિરદાવવા સરસ્વતી સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. સમારંભનો શુભારંભ પ્રાર્થના દ્વારા કરવામાં આવ્યો હતો. પધારેલ સંતગણ અને ટ્રસ્ટીશ્રીઓને શાબ્દિક આવકાર શાળાના આચાર્યશ્રી સુરેશભાઈ પટેલ દ્વારા આપવામાં આવ્યો હતો. સંતગણ અને ટ્રસ્ટીશ્રીઓનું ફૂલહાર દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

ઉચ્ચતર પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક તથા વિજ્ઞાન પ્રવાહમાં અનુક્રમે પ્રથમ ત્રણ ક્રમાંકે સિદ્ધિ પ્રાપ્ત કરનાર તેમજ ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડની જાહેર પરીક્ષાઓમાં એ-ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

શ્રીસ્વામિનારાયણ વિદ્યાસંકુલના સંચાલક સ્વામીશ્રી હરિવલ્લભદાસજી દ્વારા વિદ્યાર્થીઓ જીવનમાં ઉત્તરોતર પ્રગતિ કરે એવા આશીર્વાદ આપવામાં આવ્યા હતા. ભુજ મંદિરેથી પધારેલ સંત પૂ.સ્વામી ધર્મવિહારીદાસજી દ્વારા શાસ્ત્રગ્રંથોમાં શ્રમનો મહિમા તથા જીવનમાં પુરુષાર્થનાં મહત્ત્વ સહિત વિદ્યાર્થી જીવનમાં સંસ્કાર માટે પિતૃ ભક્તિ અંગે વાત કરવામાં આવી હતી. કેળવણી મંડળના ઉપપ્રમુખશ્રી વિનોદભાઈ શીયાણી દ્વારા શાળાનું શ્રેષ્ઠ પરિણામ લાવવા બદલ આચાર્યશ્રી, શિક્ષકગણ તથા વિદ્યાર્થીઓની સરાહના કરી બિરદાવવામાં આવ્યા હતા. શ્રેષ્ઠ પરિણામ લાવનાર વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભાવિ માટેના આશીર્વચન પાઠવવામાં આવ્યા હતા. સંસ્થાના બંને વિભાગના આચાર્યશ્રીનું પ્રશંસનીય કામગીરી બદલ ફૂલહાર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજથી સ્વામી ઘનશ્યામપ્રિયદાસજી, સ્વામી ઘનશ્યામચરણદાસજી, સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી, સહ સંચાલક સ્વામી અક્ષરમુક્તદાસજી, શ્રીસ્વામિનારાયણ કેળવણી મંડળના પ્રમુખશ્રી લક્ષ્મણભાઈ હિરાણી, સહમંત્રીશ્રી મનનભાઈ ઠક્કર, વિદ્યાર્થી ભુવનનાં પ્રમુખશ્રી અરવિંદભાઈ પિંડોરીયા, સહમંત્રી ધનજીભાઈ ભુવા, સંસ્થાનાં ટ્રસ્ટીગણશ્રી જનકભાઈ ભટ્ટ, કાનજીભાઈ વેકરીયા,

રાજેશભાઈ રાબડીયા, ટીનેશભાઈ ગોર, ચેતનભાઈ બારમેડા ત્રણેય વિભાગના આચાર્યશ્રી, શિક્ષકગણ, વાલીગણ તથા બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આભારવિધિ વિજ્ઞાન પ્રવાહના આચાર્યશ્રી કલ્પેશભાઈ પટેલ દ્વારા તથા સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષકશ્રી હરેશનાથ બાવા દ્વારા કરવામાં આવ્યું હતું.

## શ્રીસહજાનંદ ગુરુકુળ માનકુવા સંચાલિત, શ્રીપુરુષોત્તમ વિદ્યાલય ગુજરાતી માધ્યમ અને એએસ.એસ.જી.એમ.(C.B.S.E.) સ્કૂલ અંગ્રેજી માધ્યમના સંયુક્ત ઉપક્રમે પૂજનીય સંતોની પ્રેરક ઉપસ્થિતિમાં આવિષ્કાર-૨૦૨૪ ગણિત-વિજ્ઞાન મેળો યોજાયો

વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યેની રસ-રુચિ સંવર્ધિત કરવા, જીજ્ઞાસા સંતોષવા તેમજ વિજ્ઞાન સંબંધિત ટેકનોલોજી અને નવી શોધને આત્મસાત કરવાના સુઆશય સાથે ગણિત-વિજ્ઞાન પ્રદર્શન કાર્યક્રમ મુખ્ય અતિથિ સાયન્સ સેન્ટરના આરતીબેન આર્યના અધ્યક્ષસ્થાને ગણિત-વિજ્ઞાન મેળો યોજાયો. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી ત્યારબાદ અતિથિશ્રી, પૂજનીય સંતો, પધારેલ મહેમાનો તેમજ ટ્રસ્ટીગણનું શાબ્દિક સ્વાગત તેમજ પુષ્પગુચ્છ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું. પૂ.સ્વામી ધ્યાનસ્વરૂપદાસજીએ વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રવર્તમાન સમયમાં રસ-રુચિ કેળવી, વિજ્ઞાન સંબંધી માર્ગદર્શન આપી કાર્યક્રમનો હેતુ સમજાવ્યો હતો. અતિથિશ્રી આરતીબેન આર્યના ઉદ્‌બોધનમાં વિદ્યાર્થીઓને વિજ્ઞાન જગતમાં ભાવિ નિર્માણ માટેના જરૂરી સૂચનો સહ પ્રેરક વક્તવ્ય આપ્યું હતું. અતિથીશ્રીના હસ્તે વિજ્ઞાન મેળાને ઉદ્‌ઘાટિત કરવામાં આવ્યો હતો. જેમાં શાળાના બંને માધ્યમના ધોરણ ૬ થી ૧૨ ના વિદ્યાર્થીઓએ જુદા જુદા પ્રતિમાનો રજૂ કર્યા હતા. જેવાં કે ફૂડ વેસ્ટ મેનેજમેન્ટ, વોટર ફિલ્ટર, વેક્યુમ કલીનર, પેરિસ્કોપ, પવનચક્કી દ્વારા વિજ ઉત્પાદન, ઈ-હાઈવે, ઈલેક્ટ્રીક બેલ, સૂક્ષ્મદર્શન યંત્ર, હાઈડ્રોકલોરિક બ્રિજ, સૌર ઊર્જા સંચાલિત યંત્રો, પાણીનું શુદ્ધિકરણ, જવાળામુખી, રુધિરાભિસરણ તંત્ર શ્વસન તંત્રની પ્રક્રિયા વર્ણવતા તેમજ કેટલાક ગાણિતિક મોડલ જેવાં કે આલેખના પ્રકારો, ગતિ, અંતર, ઊંચાઈના નમૂનાઓ જે જુદા જુદા સિદ્ધાંત પર કાર્ય કરતા હોય તેવા રચનાત્મક પ્રતિમાનો વિદ્યાર્થીઓએ સ્વભાષામાં તેમજ ચાર્ટ દ્વારા વિશેષ માહિતી સહ ક્રિયાન્વિત પ્રક્રિયા પદ્ધતિથી રજૂ કર્યા હતા.

તદુપરાંત ડિજિટલાઈજેશનના યુગમાં બેન્કના વ્યવહારો તેમજ ઓનલાઈન ખરીદ-વેચાણ વ્યાપાર અંગેની સમજ સ્થાપિત કરતા બેન્કનું વાસ્તવિક દ્રશ્ય ખડું કરે તેવી કૃત્રિમ બેન્ક પણ ઉભી કરવામાં આવી હતી. તેમજ ગણિતની મનોરંજક રસપ્રદ રમતો પણ આયોજિત કરાઈ હતી. સમગ્ર મેળો વિજ્ઞાનના મહત્ત્વના વિભાગો જેવા કે, ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવ વિજ્ઞાનના સિદ્ધાંતો અને પ્રક્રિયા પર વિશેષતઃ આધારિત રહ્યો હતો.

આ વિજ્ઞાન-ગણિત મેળા સહ વિજ્ઞાન-ગણિત પ્રદર્શનીની આસપાસની સરકારી-બિનસરકારી જુદી જુદી શાળાઓના ૩૦૦ થી વધારે વિદ્યાર્થીઓએ પણ મુલાકાત લીધી હતી. બંને માધ્યમના આચાર્યશ્રી તેમજ પૂજનીય સંતોના શુભ હસ્તે શ્રેષ્ઠ કૃતિઓને ચંદ્રક તેમજ પ્રમાણપત્રથી સન્માનિત તેમજ પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થાકીય જવાબદારી ગુજરાતી માધ્યમના આચાર્યશ્રી મદનસિંહ ચાવડા સાહેબ, હાર્દિકભાઈ વ્યાસ સાહેબ તેમજ અંગ્રેજી માધ્યમના આચાર્યશ્રી અરવિંદભાઈ ગોયલ અને સૌરભ શ્રીવાસ્તવએ ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમના આયોજનમાં વિજ્ઞાન તેમજ ગણિતના શિક્ષકો તેમજ અન્ય સ્ટાફે ખૂબ ખૂબ જહેમત ઉઠાવી હતી. પૂજનીય સંતોનું માર્ગદર્શન તેમજ આશીર્વાદ સાંપડ્યા હતા.

અ - હાર્દિકભાઈ વ્યાસ

## શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની શાળા જિલ્લા કક્ષા કલા મહાકુંભમાં મેળવેલી સિદ્ધિઓ

રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની કચેરી તેમજ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી કચ્છ-ભુજ સંચાલિત કલા મહાકુંભમાં જિલ્લા કક્ષાની હરિફાઈ તા.૧૦/૧/૨૦૨૫ ના ઓલ્ફેડ હાઈસ્કૂલ ભુજ ખાતે યોજાઈ હતી.

જેમાં શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર શાળા વિવિધ સ્પર્ધામાં વિજેતા થઈ છે. જેમાં લગ્નગીત વિભાગ 'અ' અને 'બ' પ્રથમ, લોકનૃત્ય વિભાગ 'અ' પ્રથમ, ગરબા વિભાગ 'બ' પ્રથમ, સર્જનાત્મક કૃતિ વિભાગ 'બ' દ્વિતિય.

દીકરીઓના પ્રશંસનીય પ્રદર્શન બદલ ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના પૂજ્ય મહંત સ્વામી આદિ સમસ્ત સંત મંડળ, સાં.યો.મહંત સામબાઈ ફઈ આદિ સમસ્ત સાં.યો. બહેનોએ અંતરના રૂડા આશીર્વાદ સહ શુભેચ્છાઓ પાઠવેલ છે. સાથે મંદિરનું ટ્રસ્ટી મંડળ, સંસ્થાના પ્રમુખ રામજીભાઈ વેકરીયા, મંત્રી પ્રવિણભાઈ પિંડોરીયા, સંચાલક મંડળ, સંસ્થાના આચાર્યા દક્ષાબેન પિંડોરીયા, માર્ગદર્શક શિક્ષકો નેહલબેન ગોર, જીનલબેન ગોર, સંગીત શિક્ષિકા દેવૃતિબેન ગઢવી, રિદ્ધિબેન ભટ્ટ, સુનિતાબેન હિરાણી, કુમુદબેન ભુડિયા સહ સ્ટાફ પરિવારને તેમજ દેશ-વિદેશના હરિભક્તો દ્વારા અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ છે.

## શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની શાળા જિલ્લા કક્ષા કલા મહાકુંભમાં સ્કૂલ બેન્ડમાં પ્રથમ





રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની કચેરી તેમજ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી કચ્છ-ભુજ સંચાલિત કલા મહાકુંભમાં જિલ્લા કક્ષાની હરિફાઈ તા.૧૦/૧/૨૦૨૫ ના ઓલ્ફેડ હાઈસ્કૂલ ભુજ ખાતે યોજાઈ હતી.

જેમાં શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર શાળા સ્કૂલ બેન્ડમાં વિભાગ 'અ' અને 'બ' પ્રથમ ક્રમે વિજેતા થઈ છે.

દીકરીઓના પ્રશંસનીય પ્રદર્શન બદલ ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના પૂજ્ય મહંત સ્વામી આદિ સમસ્ત સંત મંડળ, સાં.યો.મહંત સામબાઈ ફઈ આદિ સમસ્ત સાં.યો. બહેનોએ અંતરના રૂડા આશીર્વાદ સહ શુભેચ્છાઓ પાઠવેલ છે. સાથે મંદિરનું ટ્રસ્ટી મંડળ, સંસ્થાના પ્રમુખ રામજીભાઈ વેકરીયા, મંત્રી પ્રવિણભાઈ પિંડોરીયા, સંચાલક મંડળ, સંસ્થાના આચાર્યા દક્ષાબેન પિંડોરીયા, માર્ગદર્શક શિક્ષક પૂજાબેન ગોર સહ સ્ટાફ પરિવારને તેમજ દેશ-વિદેશના હરિભક્તો દ્વારા અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ છે.

## દયાપર સ્વામિનારાયણ મંદિરે યુવક મંડળની સભા અને શિક્ષાપત્રી પૂજન

શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજથી ચાલી રહેલ યુવક મંડળની પ્રવૃત્તિને વિશેષ વેગ આપવા મહંત સ્વામીની આજ્ઞા અને આશીર્વાદથી ભુજથી યુવક મંડળ સમિતીના સંતો દયાપર સ્વામિનારાયણ મંદિરે પધાર્યા તે પૈકી શાસ્ત્રી સ્વામી રાઘવમુનિદાસજી અને સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી આ બંને સંતો પધારી યુવક-યુવતી મંડળના સભ્યોને ભજન-ભક્તિમાં વિશેષ ધ્યાન આપવા ભલામણ કરેલ અને સાથે સાથે આવતાં વર્ષ સંવત-૨૦૮૨ વસંત પંચમીના શિક્ષાપત્રી લખ્યાને ૨૦૦ વર્ષ પૂર્ણ થતાં હોઈ, શિક્ષાપત્રીનું પૂજન સંતોએ કરાવેલ. આ પૂજનમાં સંપ્રદાયના સૌ હરિભક્તો, સાં.યો. બહેનો, ગૃહસ્થ બહેનો તેમના નાના-મોટા સૌએ ઉમંગભેર પૂજનમાં જોડાઈ સંતોનો રાજીપો મેળવેલ.

અ - પૂજારી રમેશભાઈ સાંખલા

# શ્રી ઘનશ્યામ બાળસંદેશ

## શોભાસાગર શ્રીહરિ

બાળમિત્રો ! જય શ્રીસ્વામિનારાયણ, ગત અંકમાં આપણે વાંચ્યું કે ભગવાન શ્રીહરિ ભુજનગરમાં પધાર્યા. અને ભક્તોએ અતિ ભવ્યતા પૂર્વક શ્રીહરિનું સ્વાગત સમૈયું કર્યું. ભગવાન શ્રીહરિનાં દર્શન કરીને ભક્તો અતિ આનંદને પામ્યા.

ભગવાન શ્રીહરિ સુંદરજી ભક્તને ઘેર બિરાજમાન છે. સર્વે ભક્તો અતિ હેતે પૂર્વક સેવા કરવા લાગ્યા. સેવા કરનાર ભક્તો હતા. સુંદરજી સુથાર, હીરજી સુથાર, ભગવાનજીભાઈ, દેવરામ, જીવરામ, પ્રાગજી દવે, નારાયણજી, રાઘવજી, ગંગારામ મલ્લ, વલ્લભજી, હરજીવન અને શિવરામ આદિક અનેક ભક્તો અતિ ભાવથી ભગવાન શ્રીહરિની સેવા કરતા હતા. બહેન ભક્તોમાં પુંજીબાઈ, અમરબાઈ, લેરખીબાઈ, સૂરજબાઈ, લાધીબાઈ એ આદિક બહેનો પણ સેવામાં જોડાયા હતા. આ દરેક ભક્તો પોતાના ઘરનાં કામકાજને છોડી શ્રીહરિની સેવા કરતા હતા.

ભક્તોનો પ્રેમભાવ જોઈને શ્રીજીમહારાજ ભક્તોને વશ થઈ ગયા. તે સમયે ભક્તોએ બહુ પ્રકારનાં ભોજન તથા વ્યંજન કરીને અતિ ભાવપૂર્વક શ્રીહરિ તથા સંતો-પાર્ષદોને જમાડ્યા.

ભગવાન શ્રીહરિને બેસવા માટે ભક્તોએ સુંદર સોનાનું સિંહાસન કરાવેલું હતું. તે સિંહાસન કેવું શોભતું હતું ? તો હીરા, માણેક મોતી, ઝવેર, પુખરાજ, પિરોજા આદિ મણીઓ તેણે કરીને જડાએલું હતું. અગણિત સૂર્ય ઊગે ને જેવી કાંતિ શોભે તે થકી પણ વિશેષ કાંતિ શોભતી હતી. સિંહાસનની શોભા જોઈને મોટા મોટા દેવો અને મુનિઓનાં મન પણ હરાઈ ગયાં. આવા દિવ્ય સિંહાસન ઉપર ભક્તોએ ભગવાન શ્રીહરિને બિરાજમાન કર્યા. પછી ચારેબાજું અગણિત ભક્તોની સભા ભરાઈને બેઠી.

સભાની વચ્ચમાં શ્રીહરિ બિરાજમાન હતા. તે સમયે ભક્તોએ આવીને સિંહાસનની ચોરેબાજું દીપમાળા પ્રગટાવી. કેટલાક ભક્તો તો સભાની ચારેબીજું મોટી મોટી મસાલું પ્રગટાવી. અનંત ભક્તો અને દીપમાળા મધ્યે શ્રીજીમહારાજ કેવા શોભતા હતા ? તો જાણે શ્વેતદ્વીપ ધામને વિશે અનંત મુક્તોની મધ્યે ભગવાન વાસુદેવ શોભતા હોય ને શું ? આવી શોભાએ યુક્ત શ્રીહરિના દર્શન કરીને કેટલાક ભક્તો તો મનમાં આનંદ પામતા થકા કીર્તની સાથે અનેક પ્રકારનાં વાજિંત્ર વજાડીને ઉત્સવ કરવા લાગ્યા.

અક્ષરધામ તુલ્ય દિવ્ય એ સભાની શોભા હતી. તે સમયે શ્રીહરિની પૂજા કરવા માટે પ્રથમ પ્રાગજી દવે આદીક બ્રાહ્મણ ભક્તો આવ્યા. વિવિધ પ્રકારના પુષ્પના હાર-તોરા, ગુચ્છ, બાજુબંધ, તથા કેસરચંદન અને કપૂર વડે મહારાજની અતિ ભાવથી પૂજા કરીને સ્તુતિ કરી. ત્યારપછી સુંદરજીભાઈ, ગંગારામ મલ્લ આદીક ભક્તોએ પણ ભગવાન શ્રીહરિની પૂજા કરીને હાથ જોડી દર્શન કરતા થકા આગળ ઊભા રહ્યા. તે સમયે ભગવાન શ્રીહરિની મૂર્તિ કેવી શોભતી હતી ? તો ફૂમકાએ સહિત સુંદર હીરની નાડી વાળો સુરવાળ શ્રીહરિએ પહેર્યો હતો. અને કેડને વિષે એ સુરવાળ ઉપર શબ્દકારી સુંદર કંદોરો શોભતો હતો. સુંદર જરિયાની જામો પહેરેલો હતો, પીળું શેલું ખંભે ધારણ કરેલું હતું. સુંદર કસુંબી રંગની પાઘ મસ્તક પર ધારણ કરી હતી. તેમાં જડેલા હીરાઓ જાણે મેઘની ઘટામાં વીજળી ચમકતી હોય ને શું ? અને પાઘમાં પુષ્પના સુંદર તોરા ઝુકી રહ્યા હતા. સોનાના અતિ મૂલ્યવાન બાજુબંધ ભક્તોએ શ્રીહરિના હસ્તમાં બાંધ્યા હતા. કેટલાક ભક્તોએ અતિભાવથી મોતીની માળા તથા મોહનમાળા પહેરાવી હતી. ભક્તોએ અતિ હેતે કરીને કેસરચંદનથી શ્રીહરિની લલાટમાં અર્ચા કરી હતી. અને નંગ જડિત એવાં સુંદર ઝાંઝર ચરણારવિંદમાં પહેરાવ્યાં હતાં. કોઈક ભક્તો શ્રીહરિને સોનાનાં કડાં તથા સાંકળાં હસ્તમાં પહેરાવ્યાં હતાં. કોઈક ભક્તો અમૂલ્ય નંગજડિત વેઢ તથા વીંટીઓ આંગળીયુંમાં ધારણ કરાવી હતી. આવી શોભાએ યુક્ત શ્રીહરિ દર્શનથી સર્વે ભક્તોના મન મૂર્તિમાં સ્થિર થઈ ગયા. તે સમયે કટલાક ભક્તો દર્શન કરી બહુ મુલ્ય ભેટો અર્પણ કરી હતી. તે સર્વે ધન શ્રીહરિ બ્રાહ્મણોને દાનમાં આપી દીધી.

પ્રાગજી દવે, સુદરજી સુથાર આદિ ભક્તજનોને આવી શોભા યુક્ત શ્રીહરિના દર્શન કરીને તત્કાળ સમાધિ થઈ ગઈ. સમાધીને વિષે અક્ષરધામમાં બિરાજમાન ભગવાનના દિવ્ય દર્શન કરી મહાસુખ પામ્યા. એક ઘડી પછી સમાધીમાંથી જાગી શ્રીહરિની સ્તુતિ-પ્રાર્થના કરી. વારંવાર દંડવત્ પ્રણામ કર્યા.

# સમર્થ શ્રીઘનશ્યામ

છપૈયામાં અનેક સરોવરો છે એમાંનું એક મીન સરોવર. એમાં ઘણી બધી માછલીઓ રહે.

એક દિવસ મિત્રો અને ઘનશ્યામ પ્રભુ સૌ સરોવરે નહાવા પહોંચ્યા. સ્નાનની તૈયારી કરવા લાગ્યા. તેવામાં ઘનશ્યામની નજર થોડે દુર ગઈ. ત્યાં એક માછીમારને જોયો. કાળો અને કદાવર. પાણીમાં જાળ નાખી બિચારી માછલીઓને પકડતો હતો. પકડાઈ ગયેલ માછલીઓ તરફડી તરફડીને મરી જાતી હતી. 'નિર્દોષ માછલીની આ દશા ?' ઘનશ્યામને અંતરમાં ખૂબ દયા આવી.

કોઈને દુઃખીયોરે, દેખી ન ખમાય દયા આણી રે, ।

આવો એમનો દયાળું સ્વભાવ.

દયાળુ ઘનશ્યામ માછીમાર પાસે ગયા. પડકાર કર્યો, 'એય ભાઈ ! માછલીઓ કેમ મારો છો ? માણસને કોઈ પ્રાણીને મારવાનો અધિકાર નથી. હિંસા એ મોટું પાપ છે. અને અહિંસા પરમ ધર્મ છે'

નાના બાળકની મોટી વાત સાંભળી માછીમાર હસ્યો. ને ઉપેક્ષામાં કહેવા લાગ્યો, 'એય, છોકરા, તું મને કહેવાવાળો કોણ ?, હું ગમે તે કરું, તારે શું લેવાદેવા ?'

ઘનશ્યામ પ્રભુને થયું, 'આ પાપી આમ સીધેસીધું વાત કરે નહિ માને કંઈ પાઠ ભણાવો પડશે.' તેમણે માછલીઓ સામે જોયું. સંકલ્પ કર્યો અને ચમત્કાર થયો. અચાનક જ ટોપલામાંથી માછલીઓ જીવતી થઈ ગઈ. ને ટપોટપ સરોવરમાં ફૂંદવા લાગી ! પળવારમાં ટોપલો ખાલી થઈ ગયો. આ જોઈ બાળકોને ખૂબ આનંદ થયો. પણ મછીમાર તો 'હાય હાય, મારી આખ્ખા દિવસની મહેનત પર

પાણી ફરી ગયું' એમ બોલતો માછીમાર ઘનશ્યામમહારાજને મારવા દોડયો. ત્યાં તો પ્રભુના શરીરમાંથી તેજનો ફુવારો છૂટ્યો ! ચારે બાજુ તેજ તેજ થઈ ગયું. માછીમાર અંજાઈ ગયો. તેની આંખો બંધ થઈ ગઈ. આંખો ખોલી ત્યા તો તેને યમરાજ દેખાયા.

યમરાજ એટલે મૃત્યુના દેવ. અતિશય વિશાળ. મહા ભયાનક રૂપ, હાથમાં તલવાર, ત્રિશૂળ ને ભાલા જેવા હથિયાર. માછીમાર ખૂબ ડરી ગયો. તેના હાથ-પગ ધ્રુજવા લાગ્યા. યમરાજે તેને નરકનાં દુઃખો દેખાડ્યાં. યમદૂતો પાસે મેથીપાક ખવડાવ્યો. તેના હાડકાં ખોખરાં થઈ ગયા. તે 'બચાવો બચાવો...'ની બૂમો પાડવા લાગ્યો.

યમરાજે કહ્યું એ મુર્ખ, તું જેને મારવા તૈયાર થયો છે તે સાક્ષાત ભગવાન છે. જા તેની માફી માંગ. મછીમારને પોતાની ભૂલ સમજાઈ. તે ઘનશ્યામ પ્રભુના ચરણમાં પડી ગયો. ત્યાં જ યમરાજ અદશ્ય થઈ ગયા. માછીમારે માફી માંગી. 'મને માફ કરો પ્રભુ. હવેથી ક્યારે પાપ નહિં કરું. કોઈ જીવની હિંસા નહિં કરું. આપ તો ભગવાન છો. મારાં પાપ દૂર કરો.' ઘનશ્યામ મહારાજે તેને આશીર્વાદ આપ્યા. અહિંસાનો ઉપદેશ આપ્યો. આ પ્રસંગ દ્વારા સમગ્ર માનવજાતને અહિંસાનો સંદેશ આપ્યો.

સહજાનંદ સ્વામીએ શિક્ષાપત્રીના 11માં શ્લોકમાં લખ્યું – અમારા ભક્તોએ કોઈપણ જીવપ્રાણીમાત્રની હિંસા ન કરવી. મન, કર્મ (શરીર) અને વચનથી (વાણી) કોઈને દુઃખ આપવું નહિ. તેને શાસ્ત્રોએ અહિંસા કહેલી છે.

# -: જ્ઞાન સરિતા :-

## -: જ્ઞાન માળા :-

1. શિક્ષાપત્રી લખતા સહજાનંદ સ્વામીએ પ્રથમ શું કર્યું ?

(અ) પદયાત્રા (બ) મંગળાચરણ
(ક) વાંચન (ડ) ભોજન

2. શિક્ષાપત્રીમાં સહજાનંદ સ્વામીએ ધ્યાનરૂપ મંગળાચરણ કયાં કરે છે ?

(અ) મનને વિષે (બ) ચિત્તને વિષે
(ક) બુદ્ધિને વિષે (ડ) હૃદયને વિષે

3. સહજાનંદ સ્વામીએ શિક્ષાપત્રી કોના માટે લખેલી છે ?

(અ) સત્સંગી (બ) પશુ-પક્ષી
(ક) ગામ લોકો (ડ) કુસંગી

4. શિક્ષાપત્રીને કેવી રીતે ધારણ કરવી ?

(અ) હરતા-ફરતા (બ) ચપલ મન
(ક) એકાગ્ર મન (ડ) પરાણે

5. શિક્ષાપત્રી કેવી છે ?

(અ) પરસુખાવહ (બ) સર્વજીવહિતાવહ
(ક) સ્વસુખાવહ (ડ) પશુ-પક્ષીહિતાવહ

6. સદાચારોનું પાલન કરે છે તે મનુષ્યો કયાં મહાસુખીયા થાય છે ?

(અ) આલોક (બ) સ્વર્ગલોક
(ક) પરલોક (ડ) નરકલોક

7. કેવા મનુષ્યો સદાચારોનું ઉલ્લંઘન કરીને ઈચ્છાનુસાર વર્તન કરે છે ?

(અ) કુબુદ્ધિવાળા (બ) ભેદદ્રષ્ટિવાળા
(ક) પાપી (ડ) કુસંગી

8. કયાં પ્રતિપાદન કરેલા અહિંસાદિક સદાચારોનું પાલન કરવું જોઈએ ?

(અ) મનઘડીત (બ) સચ્છાસ્ત્રમાં
(ક) સરકારી (ડ) લોકમાન્ય

9. શિક્ષાપત્રીના આદેશના કેવા ભાવથી અનુસરવું જઈએ ?

(અ) પરાણે (બ) પ્રશંસા
(ક) ભયથી (ક) પ્રીતિથી (પ્રેમથી)

## જ્ઞાન માળામાં આપેલા પ્રશ્નોના જવાબ સૂત્રોમાં -વાંચો વિચારો અને જીવનમાં ઉતારો

1. દરેક કર્યાના પ્રારંભમાં મંગળાચરણ કરવું જોઈએ. એટલે કે ભગવાનને યાદ કરીને આપણા કર્યાનો પ્રારંભ કરવો.
2. ભગવાનનું ધ્યાન, પ્રાર્થના, પૂજા કે અન્ય કોઈ પણ કામ હૃદયથી કરવું. માત્ર કરવા ખાતર પરાણે ન કરવું.
3. હું સત્સંગી છું માટે શિક્ષા રૂપી આ પત્રી સહજાનંદ સ્વામીએ ખાસ મારાં માટે લખેલી છે, એવો ભાવ રાખવો.
4. શિક્ષાપત્રીને એકાગ્ર મન વડે વાંચવી ને સાંભળવી. કોઈ પણ કાર્ય મનની એકાગ્રતાથી જ સફળ થાય છે.
5. શિક્ષાપત્રીની આજ્ઞા પાળનાર કે એમના સંબંધમાં આવનાર દરેક જીવનું હિતને કરનારી છે. માટે સર્વજીવહિતાવહ છે.
6. શિક્ષાપત્રીમાં કહેલી આજ્ઞા પ્રમાણે જે મનુષ્ય રહે તે આલોક અને પરલોકમાં મહાસુખીયા થાય છે.
7. શિક્ષાપત્રીમાં કહેલા સદાચારોનું જે ઉલ્લંઘન કરે તેને કુબુદ્ધિવાળા જાણવા અને તે આલોક અને પરલોકમાં મહાદુ:ખીયા થાય છે.
8. ભાગવત્, શિક્ષાપત્રી, વચનામૃત આદિ સચ્છાસ્ત્રોમાં પ્રતિપાદન કરેલા સદાચારોનું પાલન કરવું. મનઘડીત નહી.
9. ભગવાન સંબંધી કોઇ પણ કામ પ્રીતિથી અર્થાત્ પ્રેમથી કરવું જોઇ. પરાણે કે લોકોને દાખાડવા સારું નહિ. શિક્ષાપત્રીની આજ્ઞા પ્રેમ અને ઉત્સાહથી પાળવી.

---



॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

તીર્થધામ શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ મધ્યે

**અ.નિ.વાત્સલ્યમૂર્તિ સદ્ગુરુ સ્વામી નિરન્નમુક્તદાસજીનો**



**પંચાહ્ન પારાયણ જ્ઞાન યજ્ઞ સ્મૃતિ મહોત્સવ**

તા.૨૩/૮/૨૦૨૫ થી તા.૨૭/૮/૨૦૨૫ દરમિયાન અનેકવિધ આયોજનો સાથે ભક્તિભાવ પૂર્વક ધામધૂમથી ઉજવવામાં આવે.

| : પોથીયાત્રા : | : મહોત્સવ પ્રારંભ : | : મહોત્સવ પૂર્ણાહુતિ : |
|---|---|---|
| તા.૨૨/૮/૨૦૨૫ | તા.૨૩/૮/૨૦૨૫ | તા.૨૭/૮/૨૦૨૫ |
| શ્રાવણ વદ-૧૪ | શ્રાવણ વદ અમાસ | ભાદરવા સુદ-૪ |

આ સ્મૃતિ મહોત્સવમાં યજમાન પદની સેવા કરવા ઈચ્છતા હેતવાળા હરિભક્તોએ ભુજ મંદિરના કોઠાર (ઓફિસ)માં એ સેવાની નોંધ કરાવી લેશોજી.

આ મહોત્સવમાં રૂપિયા ૨૫૦૦૦-૦૦ પચીસ હજાર સેવા હશે એનું આમંત્રણ પત્રિકામાં નામ મુકવામાં આવશે.

એજ લી.કોઠારી સ્વામી

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

## શ્રીસ્વામિનારાયણ મંદિર માંડવી આયોજીત

# મંગલકારી શ્રીઘનશ્યામ મહોત્સવ-૨૦૨૫

**તા. ૧૦ થી ૧૬ એપ્રિલ ૨૦૨૪ સુધી**

સ્નેહભર્યું નિમંત્રણ — **મહોત્સવના અણમોલ પ્રકલ્પો** — સ્નેહભર્યું નિમંત્રણ

| | | | | |
|---|---|---|---|---|
| : વિજય ધ્વજ સ્થાપન :<br>તા.૧૦/૩/૨૦૨૫ સોમવાર<br>ફાગણ સુદ-૧૧ | : પોથીયાત્રા :<br>તા.૯/૪/૨૦૨૫ બુધવાર<br>ચૈત્ર સુદ-૧૨ | : મહોત્સવ પ્રારંભ :<br>તા.૧૦/૪/૨૫ ગુરુવાર<br>ચૈત્ર સુદ-૧૩ | : વિષ્ણુયાગ પ્રારંભ :<br>તા.૧૧/૪/૨૫ શુક્રવાર<br>ચૈત્ર સુદ-૧૪ | : મહારાજશ્રીનું આગમન :<br>તા.૧૩/૪/૨૫ રવિવાર<br>ચૈત્ર વદ-૧ |
| : મહારાજશ્રીનું આગમન :<br>તા.૧૩/૪/૨૫ રવિવાર<br>ચૈત્ર વદ-૧ | : સુવર્ણવાઘા-પાઘ અર્પણ :<br>તા.૧૩/૪/૨૫ રવિવાર<br>ચૈત્ર વદ-૧ (બીજા સત્રમાં) | : વિષ્ણુયાગ પૂર્ણાહુતિ :<br>તા.૧૩/૪/૨૫ રવિવાર<br>ચૈત્ર વદ-૧ બપોરે | : નગર યાત્રા :<br>તા.૧૪/૪/૨૫ સોમવાર<br>ચૈત્ર વદ-૧ | : અભિષેક-અન્નકૂટ :<br>તા.૧૫/૪/૨૫ મંગળવાર<br>ચૈત્ર વદ-૨ |

**મહોત્સવ સમાપન :- તા.૧૬/૪/૨૦૨૫ બુધવાર ચૈત્ર વદ-૩**

માંડવી મંદિરમાં બિરાજમાન શ્રીઘનશ્યામ મહારાજને આ વર્ષે ૨૫ વર્ષ પૂર્ણ થાય છે. એના અનુસંધાને શ્રીઘનશ્યામ મહારાજને સુવર્ણના વાઘા જેવાં અનેકવિધ ધાર્મિક અને સામાજીક આયોજનો સાથે મંગલકારી શ્રીઘનશ્યામ રજત જયંતી મહોત્સવ ભક્તિભાવ પૂર્વક ધામધૂમથી ઉજવવામાં આવશે.

આ રજત જયંતી મહોત્સવ અને સુવર્ણ વાઘામાં સેવા કરવા ઈચ્છતા હરિભક્તોએ માંડવી મંદિરના કોઠાર (ઓફિસ)માં આપની યથાશક્તિ સેવા માટે જરૂર સંપર્ક કરવો.

આ રજત જયંતી મહોત્સવમાં જેની રૂપિયા ૨૫૦૦૦-૦૦ પચીસ હજાર સુધીની સેવા હશે તથા સુવર્ણ વાઘા દાનમાં રૂપિયા ૭૫૦૦૦-૦૦ પંચોતેર હજાર સુધીની સેવા કે એટલી કિંમતનું સુવર્ણદાન હશે એ પરિવારનું આમંત્રણ પત્રિકામાં અવશ્ય નામ મુકવામાં આવશે.

આવો અમૂલ્ય લાભ લઈ શ્રીઘનશ્યામ મહારાજનો રાજીપો પ્રાપ્ત કરીએ એજ. મહંત સ્વામીશ્રી

કોઠારી સ્વામીશ્રી, સંપર્ક :- ૯૪૨૮૮૯૫૮૯૬

## શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૨૦૧- કરસનભાઈ ઝીણાભાઈ જેસાણી ધ.પ.અ.નિ.રતનબાઈ, સુત ભીમજીભાઈ ધ.પ.ધનબાઈ સપરિવાર શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા

૨૫૧- નિતીન હીરજી વરસાણી, હ હીરજી કરસન વરસાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે- નારાણપર-રાવરી હાલે-યુ.એસ.એ.(અમેરિકા)

૨૫૦- રામજી વાલજી જેશાણી, ધ.પ.અ.નિ.માનબાઈ. શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે- બળદિયા

૩૦૦- પ્રેમવતી વાસ્તુ હસ્તે રાજેશભાઈ શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - મુંબઈ

૨૫૧- ડો.પૂજા ભરતભાઈ દવે Phd કર્યાની ખુશીમાં શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - સુખપર

૨૫૦- નારાણભાઈ કાનજી રાઘવાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા

૧૦૦૦- દેવબાઈ હિરજી હિરાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - સુખપર

૨૫૦- અમૃતબેન કલ્યાણજી જેઠી, હસ્તે કલાવંતીબેન જેઠી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - ભુજ

૨૫૦- અ.નિ.માનબાઈ રામજી જેશાણી, હસ્તે વાલજી રામજી જેશાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા

૨૦૦- અ.નિ.નાનજી મનજી વરસાણી પરિવાર હસ્તે કાનજી ગોવિંદ વરસાણી - ભક્તિનગર-માનકુવા

૨૦૦- કાનજી ગોવિંદ વરસાણી પુત્રના જન્મ નિમિતે - ભક્તિનગર-માનકુવા

૨૦૦- નારાણભાઈ રામજી પાંચાણી સાં.યો. અક્ષરમુક્ત ધનબાઈ ફઈના ઉત્સવની પ્રસન્નતાર્થે- મુ-દહીંસરા હાલે બોલ્ટન-યુ.કે.

૧૦૦૦- દિનેશ કેસરા ખેતાણી અને વનિતાબેન દિનેશ ખેતાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - મદનપુર-સુખપુર

શ્રી ગણેશાય નમઃ ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ શ્રી નરનારાયણાય નમઃ ॥

## ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા આયોજીત

# સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ એવમ્ નારાયણ યજ્ઞ મહોત્સવનું આયોજન

**પોથીયાત્રા : સં. ૨૦૮૧, ફાગણ વદ ૧૪, શુક્રવાર , તા. ૨૮-૩-૨૦૨૫**

**કથા પ્રારંભ : સં. ૨૦૮૧, ફાગણ વદ અમાસ, શનિવાર, તા.૨૯-૩-૨૦૨૫**

**કથા સમાપ્તિ સં.૨૦૮૧, ચૈત્ર સુદ-૭, શુક્રવાર, તા.૪-૪-૨૦૨૫**

**નારાયણ યજ્ઞ : સં. ૨૦૮૧, ચૈત્ર સુદ-૮, શનિવાર , તા. ૫-૪-૨૦૨૫**

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની આજ્ઞાથી આગામી તા. ૨૮-૩-૨૦૨૫ થી તા. ૪-૪-૨૦૨૫ સુધી સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી-હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિરઃશાંતિ માટે, પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા.

**એક પોથીના રૂા. ૨૫,૦૦૦/- પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે. ૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે.**

**નારાયણયાગમાં ૧ પોથી પાછળ ૧ જોડલું બેસી શકશે.**

**૧ પોથી યજમાનશ્રીને બે ટાઈમ ભોજનપ્રસાદ માટે ૧૦-૧૦ પાસ આપવામાં આવશે. સંહિતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહીં હોય તેમાં પવિત્ર બ્રાહ્મણ દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે.**

**જેના નિમિત્તે કથા હોય તે વ્યક્તિનો નાનો ફોટો (૮ x ૧૨ સાઇઝ) તથા સુખડનો હાર લાવી શકાશે સાથે ડીશ, કળશીયો, વાટકો તથા ચમચી, નેપકીન સાથે લાવવાના રહેશે.**

**: કથા સ્થળ :**

**શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,**

## ફઇબા  ધનબાઇફઈના જન્મને ૨૦૦ વર્ષ પૂર્ણ થતાં ભવ્ય અક્ષરમુક્ત ધનબાઈ ફઈ દ્વિશતાબ્દી મહોત્સવ ધામધૂમથી ઉજવાઈ ગયો  રામપર

















**દિનાંક ૫/૧/૨૦૨૫ રવિવારના રોજ ભુજ મંદિરમાં ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભુજ ચોવીસ, અબડાસા તથા વાગડ વિસ્તારના સૌ હરિભક્તો મોટી સંખ્યામાં પધાર્યા હતા. યજમાન પદ મહિલા મંદિરના મહંત સાં. યો. સામબાઇ  સહિત ઘણા બધા હરિભક્તોએ સ્વીકારી શ્રી ઠાકોરજી તથા સંતોનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો.**





RNI NO. GUJ/GUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh POSTAL REGD. NO. GKCH-158/2024-2026
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE WPP LIC NO. G-PMG-RJT/011/2025/UPTO 31-12-2025

## ભુજ મંદિરના વયોવૃદ્ધ સંત સ.ગુ. સ્વામી પ્રભુચરણદાસજી ૯૩ વર્ષની વયે તાઃ- ૧૦/૦૧/૨૦૨૫ ના રોજ સવારે ૮:૩૫ કલાકે શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા શ્રીજી મહારાજના ધામમાં સિધાવ્યા છે.









